તેજી હોય કે પછી મંદી,
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
ધી ઇકોનોમિક રેવલ્યૂશન
ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

NIRMAL METRO

Tuesday
11.06.2019
Year 07, Issue 141

દૈનિક

● વર્ષ : ૭ ● અંક : ૧૪૧ ● તા.૧૧.૦૬.૨૦૧૯ મંગળવાર ● જેઠ સુદ ૦૯ ● સં. ૨૦૭૫ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

૧૭ મહિના બાદ ન્યાયઃ ૬ દોષિત,૧ નિર્દોષ જાહેર, પઠાનકોટ કોર્ટે આપ્યો ચુકાદો

# કઠુઆ રેપ કેસ : ૩ દોષિતોને આજીવન અને અન્ય ત્રણને ૫-૫ વર્ષની કેદ

### બજારની વાત

તા.૧૦.૦૬.૨૦૧૯

**ઈન્ડેક્ષ**

| | | |
|---|---|---|
| **સેન્સેક્ષ** | | |
| ૩૯૭૮૪.૫૨ | ૧૬૮.૬૨ | ૦.૪૩ |
| **નિફ્ટી** | | |
| ૧૧૯૨૨.૭૦ | ૫૨.૦૦ | ૦.૪૪ |

**કોમોડીટી**

| | | |
|---|---|---|
| **ક્રુડ** | | |
| ૩,૭૫૦.૦૦ | ૨૮.૦૦ | ૦.૭૫ |
| **સોનું** | | |
| ૩૨,૬૮૦.૦૦ | -૨૫૬.૦૦ | -૦.૭૮ |
| **ચાંદી** | | |
| ૩૬,૬૪૮.૦૦ | -૬૯૬.૦૦ | -૧.૮૬ |
| **નેચરલ ગેસ** | | |
| ૧૬૩.૮૦ | ૦.૯૦ | ૦.૫૫ |

**ચલણી નાણું**

| | | |
|---|---|---|
| **ડોલર / રૂપિયો** | | |
| ૬૯.૭૭૦૦ | ૦.૧૭ | ૦.૨૪ |
| **યુરો / રૂપિયો** | | |
| ૭૮.૯૩૫૦ | ૦.૩૯ | ૦.૪૯ |
| **પાઉન્ડ / રૂપિયો** | | |
| ૮૮.૪૮૭૫ | -૦.૦૮ | -૦.૦૯ |

## મુખ્ય આરોપી સાંઝી રામ,દીપક ખજૂરિયા,પ્રવેશને કલમ-૩૦૨ અને ૩૭૬ હેઠળ આજીવન કેદ અને ૧-૧ લાખનો દંડ, પુરાવા સાથે ચેડા કરનાર તિલક રાજ,આનંદ દત્તા અને સુરેન્દ્ર કુમારને ૫-૫ વર્ષની કેદ અને ૫૦-૫૦ હજારનો દંડ

એજન્સી દ્વારા પઠાનકોટ,તા. ૧૦

ગત વર્ષની શરૂઆતમાં સંપૂર્ણ દેશને હચમચાવી દેનાર જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં માત્ર ૮ વર્ષની બાળકી સાથે થયેલ ગેંગરેપ અને હત્યાની ઘટના પર આજે પઠાણકોટ કોર્ટે સાતમાંથી ૬ આરોપીઓને દોષિત ગણાવ્યા છે. આમાંથી ૩ને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. જે આરોપીઓને આજીવન કેદની સજા આપવામાં આવી છે. તેમાં સાંઝી રામ, દીપક ખજુરિયા અને પ્રવેશ સામેલ છે. આ પહેલા પઠાન કોટની કોર્ટે મુખ્ય



તે કઠુઆના રાસના ગામમાં જ હાજર હતો.

ક્રાઈમ બ્રાંચે ગત વર્ષે ૯ એપ્રિલે આરોપી વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કરી હતી. જે મુજબ સમગ્ર ઘટનાક્રમનો માસ્ટરમાઈન્ડ મંદિરનો પુજારી સાંઝી રામ હતો. અપહરણ બાદ બાળકીને તેના જ મંદિરમાં રાખવામાં આવી હતી.

કઠુઆમાં ઘુમંતૂ લઘુમતિ સમાજની આઠ વર્ષની માસૂમ ઘોડા ચરાવવા માટે જંગલમાં ગઈ હતી. અહીંથી તેનું અપહરણ કરી લેવામાં

### પઠાનકોટ કોર્ટે મુખ્ય આરોપી સાંઝી રામના પુત્ર વિશાલને નિર્દોષ જાહેર કર્યો

આરોપી સાંઝી રામ સહિત અન્ય ૬ આરોપીઓને દોષી જાહેર કર્યા હતા. સાતમાં આરોપી વિશાલને નિર્દોષ જાહેર કર્યો છે. આ બધા આરોપીઓની સજાની જાહેરાત કરવામાં આવી છે.

જોકે સાંઝી રામના દીકરા વિશાલને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે. ઉપરાંત મીડિયા રિપોર્ટ મુજબ પુરાવા સાથે ચેડા કરનાર ૩ આરોપીઓને ૫-૫ વર્ષની સજા અને

### જાન્યુઆરી, ૨૦૧૮માં કઠુઆમાં સામૂહિક દુષ્કર્મ પછી બાળકીની હત્યા કરી હતી

### આ છ આરોપીઓને દોષી જાહેર કર્યા

૧. ગ્રામ પ્રધાન સાંઝી રામ(મુખ્ય આરોપી)
૨. સ્પેશિયલ પોલીસ ઓફિસર દીપક ખજૂરિયા
૩. રસાના ગામ પ્રવેશ દોષી
૪. અસિસ્ટેંટ સબ ઈન્સ્પેક્ટર તિલક રાજ
૫. અસિસ્ટેંટ સબ ઈન્સ્પેક્ટર આનંદ દત્તા
૬. પોલીસ ઓફિસર સુરેન્દ્ર કુમાર

૫૦-૫૦ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ત્રણ આરોપીઓમાં તિલક રાજ, આનંદ દત્તા અને સુરેન્દ્ર કુમાર સામેલ છે. રિપોર્ટ મુજબ આરોપી સાંઝી રામ, દીપક ખજુરિયા અને પ્રવેશને કલમ ૩૦૨ અને ૩૭૬ હેઠળ આજીવન કેદની સજા અને ૧-૧ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આ કેસમાં વિશાલ જંગોત્રા નામના આરોપીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે. વિશાલે કોર્ટ સામે એવા પુરાવા જાહેર કરવામાં સફળ રહ્યો છે કે, તે ઘટના સમયે ત્યાં હાજર જ નહતો અને તેને તેનો ફાયદો મળ્યો છે. વિશાલે કોર્ટ સામે એવુ સાબીત કર્યું છે કે, ઘટના સમયે તે મેરઠમાં કોઈ એક્ઝામમાં હાડર હતો. મેરઠમાં એક્ઝામ અટેન્ડ્સ રજિસ્ટ્રર્ડમાં તેની સહિ જોવા મળી છે. જોકે તપાસ ટીમને તે સહી નકલી હોવાની શંકા છે. જમ્મુ ક્રાઈમ બ્રાન્ચનું પણ કહેવું છે કે, જંગોત્રા મેરઠમાં ૧૫ જાન્યુઆરીએ એક્ઝામ આપવા નહતો ગયો. આરોપ પત્ર પ્રમાણે ઘટનાના દિવસે આવ્યું હતું. બાળકીને એક મંદિરમાં બંધક બનાવીને રાખવામાં આવી હતી. આ બાળકી પર નરાધમોએ સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું અને બાદમાં તેની હત્યા કરી નાખી હતી. પોલીસે આ મામલે મંદિરના પૂજારી તેમજ બે પોલીસકર્મી સહિત આઠ લોકોની ગુનામાં સંડોવણીના આરોપમાં ધરપકડ કરી હતી. આ મામલાના ઘેરા પ્રત્યાઘાતો આખા દેશમાં પડ્યા હતા. અનેક શહેરોમાં લોકો બાળકીને ન્યાય અપાવવા માટે રસ્તા પર ઉતર્યા હતા.

કઠુઆ ગેંગરેપ કેસમાં સુપ્રીમ કોર્ટને તેની ટ્રાયલ ચંદીગઢ શિફ્ટ કરવાની અને આ કેસની સીબીઆઈને સોંપવાની અરજી કરવામાં આવી હતી. પીડિતાના પિતાએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને કેસને જમ્મુ-કાશ્મીરમાંથી બહાર ટ્રાન્સફર કરવાની માંગણી કરી હતી. ત્યારપછી સુપ્રીમ કોર્ટે નિર્ણય કરીને સુનાવણી પંજાબની પઠાણકોટ કોર્ટમાં ટ્રાન્સફર કરી હતી. સુપ્રીમે આ કેસની સીબીઆઈ તપાસની માગણી નકારી દીધી હતી.



સમસ્ત મોઠ ચાંપાનેરી વણિક જ્ઞાતિ, અમદાવાદ દ્વારા રવિવાર ના રોજ પાનકોરનાકા ફરફી હોલ ખાતે બહુચરાજી માતાજી ના મંદિરે ૧૦૦૦ કિલો કેરી નો મનોરથ યોજાયો. આ પ્રસંગે સમાજ ના અગ્રણી ઓ .શૈલેષ ભાઈ પોષ્ટી, અતુલભાઈ ફડિયા દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજ નો આભાર માનવામાં આવ્યો હતો.

ત્રિપાઠીની વાતચીતથી મમતા બેનર્જી એકાએક બેચેન થયા

# બંગાળ હિંસા : મોદી અને શાહની સાથે રાજ્યપાલ ત્રિપાઠીની મંત્રણા

### બંગાળમાં ચૂંટણી બાદ રાજકીય હિંસા પર રાજકીય તોફાન વચ્ચે રાજ્યપાલે અમિત શાહને ૪૮ પાનાનો અહેવાલ સોંપ્યો : રાષ્ટ્રપતિ શાસનની માંગ ઉઠી

એજન્સી દ્વારા
નવીદિલ્હી, તા. ૧૦

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી બાદ રાજકીય હિંસાને લઈને રાજકીય તોફાનની સ્થિતિ વચ્ચે આજે પશ્ચિમ બંગાળના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠી સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને મળ્યા હતા. ત્રિપાઠીની મોદી અને અમિત શાહ સાથે બેઠકના પરિણામ સ્વરુપે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી બેચેન દેખાઈ રહ્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ત્રિપાઠીએ રાજ્યમાં રાજકીય હિંસા અને વર્તમાન સ્થિતિ અંગે અમિત શાહને ૪૮ પાનાનો અહેવાલ સુપ્રત કર્યો છે. જો કે, ગૃહમંત્રી સાથે બેઠક બાદ ત્રિપાઠીએ આને શિષ્ટાચારની ભેંટ તરીકે ગણાવી હતી. રાજ્યની સ્થિતિ અંગે તેઓએ માહિતી આપી છે. બંગાળમાં હિંસાને લઈને હજુ વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની વણસતી જતી સ્થિતિને લઈને નિવેદન જારી કરાયાના એક દિવસ અમિત શાહે આજે આંતરિક સુરક્ષાના પાસા ઉપર ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં બંગાળની રાજનીતિ પર ચર્ચા કરવામાં આવી હતી. રાજકીય હિંસાને લઈને સ્થિતિ વણસી રહી છે. બેઠક પૂર્ણ થયા બાદ બંગાળના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠીએ અમિત શાહ સાથે બેઠક યોજી હતી. મોદી સાથે પણ કેસરીનાથ ત્રિપાઠીએ બેઠક યોજી હતી. પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની સંભાવનાના સંદર્ભમાં પુછવામાં આવતા



ત્રિપાઠીએ કહ્યુ હતુ કે, બેઠક દરમિયાન આવી કોઈ વાતચીત થઈ નથી. રાજ્યપાલે લોકસભા ચૂંટણી બાદ વડાપ્રધાન અને ગૃહમંત્રી સાથે પ્રથમ વખત બેઠક યોજી હતી. બંગાળના ગવર્નર ત્રિપાઠીએ આ અંગેની બાબતને સમર્થન આપ્યું હતું કે, તેઓ રાજ્યમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપિત કરવા માટે એક સર્વપક્ષીય બેઠક માટેનો પ્રસ્તાવ મુકવા જઈ રહ્યા છે. તમામને કોલ કરવામાં આવશે. બેઠકમાં મમતા બેનર્જી સામેલ થશે તો તેમનું પણ સ્વાગત કરવામાં આવશે. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટીએ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની માંગ કરી છે. પશ્ચિમ બંગાળ પ્રભારી કૈલાશ વિજયવર્ગીય સહિત અનેક નેતા પ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની માંગ કરી ચુક્યા છે. વિજયવર્ગીયનું કહેવું છે કે, જો સ્થિતિ નહીં સુધરે તો રાષ્ટ્રપતિ શાસનની માંગણી તીવ્ર કરવામાં આવશે. ભાજપના સાંસદ સૌમિત્ર ખાને રાજ્યમાં કલમ ૩૫૬નો ઉપયોગ કરીને મમતા સરકારને બરખાસ્ત કરવાની માંગ કરી છે. ત્રિપાઠીએ કહ્યું છે કે, પાંચ છ દિવસ પહેલા વડાપ્રધાનને મળવાનો સમય માંગ્યો હતો. બંગાળમાં ભારતીય જનતા પાર્ટીએ આજે કાળા દિવસ તરીકેની ઉજવણી પણ કરી હતી અને વિરોધ પ્રદર્શન પણ કર્યા હતા. બંગાળમાં ચૂંટણીના દરેક તબક્કામાં હિંસા થઈ હતી. શનિવારે ચાર લોકોના મોત બાદ રવિવારે ગૃહમંત્રાલય દ્વારા રિપોર્ટની માંગ કરવામાં આવી હતી. બીજી બાજુ મમતા સરકારે એડવાઈઝરીને કાવતરા તરીકે ગણાવીને વિરોધ કર્યો છે.

ભાજપને મમતા બેનર્જી દ્વારા ચેતવણી અપાઈ

# સરકારને અસ્થિર કરવાની તક અપાશે જ નહીં : મમતા

### બંગાળમાં રાજકીય હિંસાના મુદ્દે ટિપ્પણીનો ઈન્કાર કર્યો

એજન્સી દ્વારા નવીદિલ્હી, તા. ૧૦

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ આજે હાવડામાં રાજ્યસ્તરની બેઠક યોજી હતી. બેઠકમાં મંત્રી અને સિનિયર પોલીસ અધિકારી પણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક બાદ મિડિયા સાથે વાતચીત કરતા મમતા બેનર્જીએ કહ્યું હતું કે, ભાજપ સરકાર તેમને હેરાન કરવાના પ્રયાસ કરી રહી છે. મમતાએ એવી ચેતવણી પણ આપી હતી કે, તે કોઈ પાર્ટીને પોતાની સરકારને ગબડાવી દેવાની તક આપશે નહીં. રાજ્યમાં વર્તમાન



કટોકટી વચ્ચે ભાજપના નેતા, ધારાસભ્યો અને મંત્રીઓ દ્વારા રાષ્ટ્રપતિ શાસનની માંગ કરવામાં આવી રહી છે. મમતા બેનર્જીએ આકરી પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, સરકારને અસ્થિર કરવાની કોઈને તક આપવામાં આવશે નહીં. જો કે, રાજકીય હિંસાને લઈને મમતા બેનર્જીએ કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. લોકસભાની ચૂંટણીના પરિણામ આવ્યા બાદ ભાજપ અને ટીએમસીના કાર્યકરો વચ્ચે હિંસાનો દોર જારી રહ્યો છે. ભાજપે આજે કાળા દિવસ તરીકે વિરોધ પ્રદર્શન કરીને દેખાવો કર્યા હતા. રાજ્યમાં હિંસાના પરિણામ સ્વરુપે ભારતીય જનતા પાર્ટી દ્વારા રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની માંગ કરવામાં આવી રહી છે.

તમામ પ્રકારના અપરાધીઓમાં વ્યાપક ફફડાટ

# ઉત્તરપ્રદેશ : એન્કાઉન્ટરોનો દોર જારી રહેતા ભારે દહેશત

### તમામ પ્રકારની હિંસા અને અપરાધ પર અંકુશ મુકવાના હેતુથી એન્કાઉન્ટર : એસટીએફ ચાર ભાગમાં વિભાજિત

એજન્સી દ્વારા
લખનૌ,તા. ૧૦

લોકસભા ચૂંટણી માટેની પ્રક્રિયા પૂર્ણ થયા બાદહવે સરકારી કામકાજ પોતાની રીતે શરૂ થઈ ગયા છે. આની સાથે જ ઉત્તરપ્રદેશમાં યોગી આદિત્યનાથના નેતૃત્વમાં ભાજપ સરકારે અપરાધ પર કાબુ મેળવી લેવા માટે ફરી એકવાર મોટા પાયે એન્કાઉન્ટરનો દોર શરૂ કર્યો છે. યોગીરાજમાં એન્કાઉન્ટરનો દોર જારી રહેતા અપરાધીઓમાં વ્યાપક દહેશત દેખાઈ રહી છે. દરરોજ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. અપરાધ પર પ્રભાવી અંકુશ મુકવા માટે સરકાર આ દિશામાં આગળ વધી રહી છે. ઉત્તરપ્રદેશમાં એસટીએફને ચાર ભાગમાં વિભાજિત કરીને કાર્યવાહી કરવામાં આવી રહી છે. યોગી સરકારની અપરાધીઓ માટેની ઠોકો નીતિ પર કામ શરૂ કરવામાં આવી છે. હવે સામાન્ય રીતે દરરોજ ફરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. અપરાધીઓ અને પોલીસ વચ્ચે અથડામણ થઈ રહી છે. હાલમાં જ પ્રતાપગઢમાં એક લાખનુ ઈનામ



ધરાવનાર અપરાધીનુ એન્કાઉન્ટર કરી દેવામા આવ્યુ હતુ. દરેક જિલ્લામાં ઈનામી અપરાધીઓને શોધી કાઢવામાં આવ્યા છે. તેમની ધરપકડ કરવાના પ્રયાસ પણ હાથ ધરવામાં આવ્યા છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને જાળવી રાખવા માટે તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આના ભાગરૂપે ૧૫ પોલીસ અધિકારીઓને બદલી નાંખવામાં આવ્યા છે.

યોગી સરકાર પોતાની જુની એન્કાઉન્ટર નીતિ પર વધારે મજબુતી સાથે આગળ વધી રહી છે. શુક્રવારના દિવસે બાગપતમાં એક લાખનુ ઈનામ ધરાવનાર અપરાધી સોનુ ઠાકુરને એન્કાઉન્ટરમાં ગોળી વાગી હતી. જ્યારે અન્યત્ર એન્કાઉન્ટર કરીને અપરાધીઓને પકડી પાડવામાં આવી રહ્યા છે. રાજકીય પક્ષો દ્વારા હોબાળો કરવામાં આવી રહ્યો છે છતાં યોગી સરકાર આ દિશામાં સક્રિય રીતે આગળ વધી રહી છે.

બજેટની તૈયારી વચ્ચે ઉદ્યોગજગતની રજૂઆત

# આવકવેરા મુક્તિ મર્યાદા ૫ લાખ કરવા માટેની અપીલ

એજન્સી દ્વારા નવી દિલ્હી,તા. ૧૦

સામાન્ય બજેટ તૈયાર કરવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી ચુકી છે ત્યારે જુદા જુદા વર્ગો તરફથી પોતપોતાની માંગ પણ આવવા લાગી ગઈ છે. હવે ઉદ્યોગજગત દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે બજેટમાં આવકવેરા મુક્તિ મર્યાદાને પાંચ લાખ રૂપિયા કરી દેવામાં આવે. બજેટ સાથે જોડાયેલા સુચના અને ચર્ચા માટે કેન્દ્રિય નાણાંપ્રધાન નિર્મલા સીતારામન ૧૧મી જુનના દિવસે એટલે કે આવતીકાલથી ૨૩મી જુન વચ્ચે અર્થશાસ્ત્રીઓ, નાણાંકીય સંસ્થાઓ અને ઉદ્યોગ મંડળની સાથે વાતચીત કરનાર છે. બેંક અધિકારીઓ સાથે પણ વાતચીત

### પગારદાર વર્ગને બજેટમાં રાહત આપવા માટેની માંગણી

કરવામાં આવનાર છે. કરવેરામાં છુટછાટ અને અન્ય રાહતોને વધારી દેવા માટેની રજૂઆત કરવામાં આવી ચૂકી છે. ઉદ્યોગ સંગઠન સીઆઈઆઈ અને એસોચેમે સરકારને વ્યક્તિગત આવકવેરા મુક્તિ મર્યાદાને પાંચ લાખ રૂપિયા કરવાની માંગ કરી છે. જે હાલમાં ૨.૫૦ લાખ છે. સાથે સાથે માનક છુટછાટને વધારીને એક લાખ રૂપિયા વાર્ષિક કરવા માટેની પણ માંગ કરી છે. એસોચેમે કહ્યુ છે કે ૪૦ હજાર રૂપિયાની માનક છુટછાટથી પગારદાર વર્ગને કોઈ મોટી રાહત મળી રહી નથી.

પગારદાર વર્ગને બજેટમાં કેટલીક રાહત આપવા માટેની તૈયારી શરૂ થઈ હોવાનો જાણકાર લોકો અભિપ્રાય આપી રહ્યા છે. દેશમાં હાલમાં લોકસભાની ચૂંટણી પૂર્ણ થઈ છે. હવે સતત બીજી વખત સત્તામાં આવેલી મોદી સરકાર પૂર્ણ બજેટ રજૂ કરનાર છે.સીતારામન પ્રથમ બજેટ રજૂ કરવાનો લઈનો ઉત્સુક છે. વ્યક્તિગત આવકવેરા મુક્તિ મર્યાદા વધારવાની માંગણી ઘણા સમયથી થઈ રહી છે. નવા નાણામંત્રી નિર્મલા સીતારામન તેમના પ્રથમ બજેટમાં કોઈ રાહત આપે છે કે કેમ તેના ઉપર તમામની નજર છે.

# નિર્મલ મેટ્રો

### તંત્રીની કલમે....

તાજેતરમાં દિલ્હીમાં એન.ડી.એ.ની સરકાર બીજી વાર સત્તારૂઢ થયા બાદ ઈમરાન ખાને બે વખત મંત્રણા માટે અરજ કરી. જોકે, મોદીએ સ્પષ્ટપણે ઓફર નકારીને પાડોશી દેશના મોઢા પર તમાચો માર્યો કે આતંકવાદને પ્રોત્સાહન અને શાંતિ મંત્રણા એક સાથે ન થાય હો. ભારતની લાગણીને વાચા આપતું હોય તેમ અમેરિકાએ સાફ શબ્દોમાં ચેતવણી ઉચ્ચારી કે ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિનો આધાર પાકિસ્તાન પર છે. પોતાના વિસ્તારમાં આતંકવાદી જૂથોના અસ્તિત્વ મિટાવી દેવાની, ત્રાસવાદીઓના ખુલ્લેઆમ હરવાફરવા પર પ્રતિબંધ મૂકવાની, ભાંગફોડિયાઓને શસ્ત્ર આપવાની અને ભારતમાં જઈને હિંસા આચરતા રોકવાનું પાકિસ્તાન કરે તો શાંતિ શક્ય અને સ્થાયી બને, એવી ટ્રમ્પ વહીવટતંત્રની શિખામણના સૂચિતાર્થો વ્યાપક અને સ્પષ્ટ છે. ફરી વડા પ્રધાન બન્યા બાદ હાથ ધરેલી પહેલી વિદેશયાત્રામાં મોદીએ માલદીવ જઈને હાકલ કરી કે રાજ્યપ્રેરિત એટલે કે સરકારી સમર્થન સાથેનો આતંકવાદ માનવતા સામેનું સૌથી મોટું જોખમ છે. તેમણે ભલે નામ ન લીધું, પણ સીધો ઈશારો પાકિસ્તાન તરફ હોવા અંગે બેમત નથી. આ માટે વૈશ્રિ્વક નેતાગીરીને એક થવાની હાકલ કરીને મોદીએ પાકિસ્તાનને જગતથી અળગું અને અળખામણું કરી મૂકવાનું અધૂરું અભિયાન આગળ ધપાવ્યું છે.આતંકવાદને મામલે હવે પાણી માથા પરથી ઉપર વહી રહ્યું હોવાનું કહીને વડા પ્રધાને પાકિસ્તાનને અને દુનિયાને ભારત તરફથી કોઈ પણ વળતા પગલાં માટે તૈયાર રહેવાના અણસાર આપી દીધા છે.માલદીવમાં ચીનને ઘણો વ્યૂહાત્મક રસ છે એટલે મોદીની પહેલી વિદેશયાત્રા માટ એની પસંદગી પણ સ્પષ્ટ સંકેત દશાવે છે. ચીનને પોતાના પ્રસ્તાવિત સિલ્ક રૂટ માટે માલદીવનો ઘણો ખપ છે, પણ ત્યાં ભારત-તરફી સરકાર આવતાવેંત મોદીએ તક ઝડપવામાં વિલંબ કર્યો નથી.માલદીવમાં જઈને વડા પ્રધાને આ વ્યૂહાત્મક પાડોશી મિત્રને વધુ નજીક ખેંચ્યું છે, પાકિસ્તાનને ચેતવણી આપી છે અને ચીનની સામે એક ડગલું ભરીને દિલ્હીની મક્કમતાનો અણસાર આપ્યો છે. માલદીવથી શ્રીલંકા જઈને નજીકના પાડોશીઓ સાથે સંબંધ સુધારવાની કવાયત હાથ ધરવાની દિલ્હીની વ્યૂહાત્મક પહેલ પ્રશંસનીય છે.જોકે પાડોશી રાષ્ટ્રો સાથે સંબંધ સુધારવામાં સૌથી મોટી આફત પાકિસ્તાન છે. જે મુસ્લિમ રૂઢિવાદીઓની મદદથી ઈમરાને સત્તા મેળવી એ જ એના માર્ગમાં કાંટા બિછાવી રહ્યાં છે. કટ્ટર મુસલમાનો, લશ્કર અને આઈ.એસ.આઈ. ઈમરાનને સાચી દિશામાં આગળ વધવા નહીં જ દે. પાકિસ્તાની વડા પ્રધાન માટે ઈતિહાસ રચવાની તક છે, પણ એ ખૂબ જોખમી છે. એમાં વડા પ્રધાન તરીકેની ખુરશીથી લઈને જીવ પણ જોખમમાં મુકાઈ શકે છે. માજી ક્રિકેટ કેપ્ટને જીવનની સૌથી મુશ્કેલ ઈનિંગ્સ રમવાની આવી છે, પણ સામે છેડે સાથ આપવા કોઈ નથી.વરસોથી પાકિસ્તાનની પ્રજાને ભારત-વિરોધી ઝેર પીવડાવાયું છે એટલે એકાએક અમન-શાંતિના રાગ આલાપવા એટલે રાજકીય હારાકીરી કરવા બરાબર છે, પરંતુ ઈમરાન માટે આ અગ્નિ-પરીક્ષા અનિવાર્ય છે.જોકે પાકિસ્તાન પાસેથી વધુ પડતી આશા રાખી ન શકાય, કારણ કે એની ગળથૂથીમાં હિંસા અને ભારત-દ્વેષ છે. આ બંનેથી પાકિસ્તાનને એકાએક મુક્ત કરવાનું ભગીરથ કાર્ય ઈમરાન કરી શકે એવા કોઈ પગલાં કે સંકેત હજી સુધી તો તેણે આપ્યા નથી.



## દિલીપ દાવડા — આઈ પી ઓ એનાલીસીસ

Email: dilip_davda@rediffmail.com
સોજન્ય : www.chittorgarh.com

## સુદર્શાન ફાર્મ એન એસઈ એસએમઈ આઈ પીઓ સમીક્ષા (ટાળો)

- એસપીઆઈએલ તૃતીય-પક્ષ કરાર દ્વારા મુખ્ય કામગીરી કરે છે.
- તેની ઑફિસો લીઝ પર છે. પોતાના પ્લાન્ટની સ્થાપના ચાલી રહી છે.
- આ ઈસ્યુની કિંમત ખૂબ જ આક્રમક એટલે કે ૪૧ પી/ઈ રાખવામાં આવેલ છે.
- મર્ચન્ટ બેક્રર પાસે અત્યાર સુધીનો ટ્રેક રેકોર્ડ સરેરાશ છે.
- ફાર્મા કારોબાર ઊંચો વોલ્યુમ / લો માર્જિન અને અત્યંત સ્પર્ધાત્મક છે.

**કંપની વિશે:**

સુદર્શન ફર્મા ઈન્ડસ્ટ્રીઝ લિ. (એસપીઆઈએલ) એક સુગ્રથિત રાસાયણિક અને ફાર્માસ્યુટિકલ કંપની છે. તે સ્પેશિયાલિટી કેમિકલ્સ, ઈન્ટરમિડિયેટ્સ અને સક્રિય ફાર્માસ્યુટિકલ ઘટકો (એપીઆઈએસ) ને આઉટસોર્સ કરે છે. તે કોન્ટ્રેક્ટ મેન્યુફેક્ચરિંગ સાથે પણ કામ કરે છે કંપનીની ઑફિસ અને એકમ લીઝ પર છે. ગ્રુપ કંપનીમાંથી લીઝ પર ઉત્પાદન સુવિધા લેવામાં આવે છે. એસપીઆઈએલ તેના ગ્રાહકોને કસ્ટમાઈઝ્ડ સોલ્યુશન્સ પૂરા પાડવા માટે ક્યુસી અને ફોર્મ્યુલેશન ડેવલપમેન્ટની સેવાઓ પણ આપે છે અને નવી જરૂરિયાતોને તેમની જરૂરિયાત મુજબ સોર્સિંગમાં સહાય કરે છે. તેના ફાર્મા અને સ્પેશિયાલિટી કેમિકલ બિઝનેસ ઓપરેશન્સ સંબંધિત ઉત્પાદકોને માન્ય સુવિધાઓ ધરાવતા વિવિધ ઉત્પાદકો દ્વારા સમર્થન આપવામાં આવે છે. ઉત્પાદનના કોઈ પણ કરાર અથવા સપ્લાય કરાર લાંબા ગાળા માટે નથી. કંપની તેના ઉત્પાદનોને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં વેચી રહી છે. ભારતમાં, તે સપ્લાય ચેઈન નેટવર્ક્સ દ્વારા ૫ રાજ્યોમાં હાજર છે. તેણે મહારાષ્ટ્રના વાડા ખાતે મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટની યોજના બનાવી છે. નિકાસ વ્યવસાય વિકસાવવા માટે, તે વિવિધ દેશોમાં ૧૬ ફોર્મ્યુલેશન નોંધણી માટે અરજી કરવાની પ્રક્રિયામાં છે.

**મૂડીનો ઈતિહાસ અને ઈસ્યુનું માળખું :**

ફાર્મા કારોબાર માટે સમર્પિત મેન્યુફેક્ચરિંગ સુવિધા સ્થાપવાની તેની યોજના (રૂ. ૧૨.૫૦ કરોડ), વિતરણ અને વેરહાઉસિંગ સેન્ટર અને કોર્પોરેટ ઑફિસની ખરીદી (રૂ. ૪.૫૦ કરોડ), વધારાની કાર્યકારી મૂડી (રૂ. ૫.૨૫ કરોડ) અને જનરલ કોર્પસ ફંડ) રૂ. ૨.૮૦ કરોડ) ની જરૂરીયાત માટે અંશતઃ નાણાં એકત્રિત કરવા આ કંપની મેઈડન આઈપીઓ દ્વારા તેનો રૂ. ૧૦ નો એક એવા આશરે ૩૪૪૦૦૦૦ ઈક્વીટી શેર, દીઠ રૂ.૭૫ ની કિંમતે ઓફર કરીને રૂ. ૨૫.૮૦ કરોડ એકત્રિત કરવા મૂડી બજારમાં આવેલ છે. જાહેર ભરણા માટે આ ઈસ્યુ તા. ૧૨.૦૬.૨૦૧૯ના રોજ ખુલશે અને તા. ૧૭.૦૬.૨૦૧૯ ના રોજ બંધ થશે. ઓછામાં ઓછી અરજી ૧૬૦૦ શેર માટે અને તેના ગુણાંકમાં કરી શકાશે. ફાળવણી પછી તેમના શેર એન એસ ઈ એસ એમ ઈ પર લીસ્ટ થશે.

આ ઈશ્યુ ભરાઈ ગયા પછી કંપનીની ભરપાઈ થયેલ મૂડીનો ૨૬.૪૯ ટકા હિસ્સો આપશે. આ કંપની આ ઈસ્યુની પ્રક્રિયા માટે રૂ. ૦.૭૫ કરોડ ખર્ચ કરી રહેલ છે.

આ ઈસ્યુના લીડ મેનેજર ફર્સ્ટ ઓવરસીઝ કેપીટલ લી છે જ્યારે કાર્વી ફીનટેક પ્રા. લી. તેના રજીસ્ટ્રાર છે. સફલ કેપિટલ (ઈન્ડિયા) લી. આ ઈસ્યુના માર્કેટ મેકર તરીકે કાર્ય કરી રહેલ છે.

શરૂઆપમાં ભાવો ભાવ શેર આપ્યા પછી, આ કંપનીએ ઑક્ટોબર ૨૦૧૬ થી જાન્યુઆરી ૨૦૧૯ વચ્ચે શેર દીઠ રૂ. ૧૧ થી રૂ. ૫૫ના ભાવે શેર આપેલ હતા. આ ઉપરાંત તેમણે સપ્ટેમ્બર ૨૦૧૬ માં ૧ શેર પર ૧૫ શેર તેમ જ ઑગષ્ટ ૨૦૧૮ માં ૭ શેર પર ૧૦ શેરબોનસ આપેલ હતું.

પ્રમોટર્સ દ્વારા શેરના સંપાદનની સરેરાશ કિંમત રૂ.૯.૧૫ અને રૂ.૯.૭૮ પ્રતિ શેર છે. આ ઈસ્યુ ભરાયા પછી આ કંપનીની વર્તમાન પેઈડ અપ ઈક્વિટી કેપિટલ હાલ જે રૂ. ૯.૫૫ કરોડ છે તે વધીને રૂ. ૧૨.૯૯ કરોડ થશે.

**આર્થિક દેખાવ**

આર્થિક દેખાવને મોરચે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં આ કંપનીએ ટર્નઓવર/ચોખ્ખો નફો અનુક્રમેરૂ. ૫૫.૫૨ કરોડ / રૂ. ૦.૧૬ કરોડ (એફવાય ૧૭), રૂ. ૮૯.૭૬ કરોડ/ રૂ. ૦.૭૪ કરોડ (એફવાય ૧૮) અને રૂ. ૧૪૦.૦૨ કરોડ/રૂ. ૨.૩૫ કરોડ (એફવાય ૧ ૯)નોંધાવેલ છે. આ કંપની વધારે વેપાર અને ઓછા નફામાં કાર્ય કરે છે. આ કંપનીએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં સરેરાશ શેર દીઠ આવક રૂ. ૨.૬૩ અને સરેરાશ આર ઓ એન ડબલ્યુ ૯.૯૬ ટકા દર્શાવેલ છે. તા. ૩૧.૩.૧૯ના રોજની એન એ વી રૂ. ૧૯.૬૩ના આધારે ઈસ્યુનો ભાવ ૩.૮૨ના પી/બીવી થી આવે છે. અને ઈસ્યુ પછીના એન એ વી રૂ.૩૪.૩૦ મુજબ ૨.૧૯ ના પી/બીવીથી આવે છે. જો આપણે ના. વ. ૧૯ કમાણીને ઈસ્યુ પછીના બધા જ શેર આધારે વહેંચીએ તો ભાગવામાં આવેલભાવ લગભગ ૪૧ વત્તાના પી/ઈ પર આવે છે. આ રીતે નોંધાયેલ સમાન કંપનીઓ કરતાં તેમનો ભાવ ખૂબ જ આક્રમકછે.

**સમાન કંપનીઓ સાથે સરખામણી**

ઓફર ડોક્યુમેન્ટ્સ મુજબ, તેણે એલેમ્બિક લિ., શિલ્પા મેડિકેર, ટીટીકે હેલ્થકેર, બાયોકોન અને ટોરેન્ટ ફાર્માને તેના લિસ્ટેડ પીઅર્સ તરીકે દર્શાવ્યું છે. આ સાથીદારો હાલમાં અનુક્રમે ૨૭, ૨૪, ૩૮, ૧૦૦ અને ૩૫ ની પી / ઈ એસ પર ટ્રેડ કરી રહ્યા છે (તા. ૦૭.૦૬.૧૯ ના રોજ). કમ-બોનસ અવતરણને કારણે બાયોકોન ઊંચા પી / ઈ દર્શાવીરહેલછે. જો કે, તે બધા આ કંપનીના મોડેલ સાથે સપ્ક્ષ રીતે તુલનાત્મક નથી.

**મર્ચંટ બેંકરનો દેખાવ**

**મર્ચન્ટ બેક્રરના મોરચે,** છેલ્લા તેમના જૂથ દ્વારા આ ૧૩ મી કાગમીરી છે, છેલ્લા ૧૦ લીસ્ટીંગમાં લીસ્ટીંગના દિવસે ૫ શેર ડીસ્કાઉન્ટ ભાવે અને બાકીના બધા જ શેર ૧.૬૭% થી ૨૫ ટકા પ્રિમિયમથી ખુલેલ હતા. આમ તે સરેરાશ ટ્રેક રેકર્ડ ધરાવે છે. ફર્સ્ટ ઓવરસીઝ દ્વારા આ પ્રથમ આઈપીઓ હાથ ધરવામાં આવેલ છે.

**નિષ્કર્ષ / ઈન્વેસ્ટમેંટ સ્ટ્રેટેજી**

ફાર્માસ્યુટિકલ ઉદ્યોગો ખૂબ નિયમનકારી ક્ષેત્ર છે. હાલમાં, ફાર્મા શેર રોકાણકારો દ્વારા ખાસ પસંદગીના શેર નથી. તાજેતરના એસએમઈ ફાર્મા કંપનીઓની સૂચિએ નબળી શરૂઆતથી રોકાણકારોને નિરાશ કર્યા છે. આક્રમક કિંમતને ધ્યાનમાં રાખીને, આ ઈસ્યુને છોડી દેવામાં કોઈ નુકસાન નથી.

## મીરા ઈન્ડસ્ટ્રીઝ બીએસઈ એસએમઈ એફ પીઓ સમીક્ષા (અન્ય)

- આ કંપની એપ્રિલ ૨૦૧૭ માં પ્રથમ આઈપીઓ સાથે મૂડી બજારમાં આવેલ અને લાંબા ગાળામાં સારું વળતર આપેલ
- એફપીઓની ખૂબ જ આક્રમક કિંમતવાળો છે અને તેના શેરના છેલ્લા વેપાર ભાવ કરતા વધારે છે.
- મેઈડન આઈપીઓનું મુખ્ય સંચાલન ગિનેસ કોર્પોરેટ એડવાઈઝર્સ પ્રા. દ્વારા કરવામાં આવ્યું હતું. લિ. (ગિનેસ ગ્રુપ હાલમાં સસ્પેન્શનનો સામનો કરી રહ્યો છે).
- આ ઈસ્યુ (બી આર એલ એમ) આર્યમાન ફાઈનાન્સિયલ દ્વારા સંચાલિત છે જેમનો ટ્રેક રેકર્ડ ખૂબ નબળો છે.

**કંપની વિશે:**

મીરા ઈન્ડસ્ટ્રીઝ લિ. (એમઆઈએલ) જે તેમના રૂ.૩.૮૯ કરોડના પ્રથમ બીએસઈ એસએમઈ આઈપીઓ સાથે એપ્રિલ ૨૦૧૭ માં આવેલ જ હવે ફરી એકવાર તેમના નવા જાહેર પ્રસ્તાવ (એફપીઓ) સાથે પ્રાથમિક બજારને ટેપ કરી રહ્યા છે. આઈપીઓનું સંચાલન ગિનેસ કોર્પોરેટ એડ્વાઈઝર્સ પ્રા. દ્વારા કરવામાં આવ્યું હતું. લિ. (ગિનેસ ગ્રૂપની એક કંપની જે અત્યાર સુધીમાં તેમના કાર્યકાળમાં બીજી વખત પ્રવૃત્તિઓના સસ્પેન્શનનો સામનો કરી રહી છે). આ કંપનીએ રૂ. ૩૬ ના ભાજ. ૧૦૮૦૦૦૦ શેર આપેલ હતા અને ત્યારથી ઐતિહાસિક ઉંચી સપાટી/નીચી સપાટી રૂ .૩૯૩ / રૂ. ૩૦.૫૫ અને છેલ્લા ૫૨ સપ્તાહમાં રૂ. ૨૪૦/રૂ. ૧૬૬ દર્શાવેલ છે. આ વખતે તે આર્યમન ફાઈનાન્સિયલ સર્વિસીઝ લિમિટેડ મારફત એફપીઓ સાથે બહાર આવી રહ્યું છે.

એમઆઈએલ વિશિષ્ટ કાપડ ઉત્પાદન માટેના મશીનોના ઉત્પાદનમાં સંકળાયેલ છે જેમાં યાર્ન ટ્વિસ્ટિંગ, વિન્ડિંગ અને હીટ સેટિંગનો સમાવેશ થાય છે. તે સ્થાનિક અને વૈશ્વિક બજારોમાં પણ તેમનાં ઉત્પાદનો પુરાં પાડે છે.

**મૂડીનો ઈતિહાસ અને ઈસ્યુનું માળખું :**

સુરતના સચિન ખાતે ઉત્પાદન વધારવા માટે તેમના પ્લાનનો વિકાસ કરવા અંશતઃ ફંડ (રૂ. ૧૦.૪૪ કરોડ), કાર્યકારી મૂડી (રૂ. ૦.૬૬ કરોડ) માટે અંશતઃ નાણાં એકત્રિત કરવા આ કંપની ફ્રેશ પબ્લિક ઓફર (એફ પી ઓ) દ્વારા તેનો રૂ. ૧૦ નો એક એવા આશરે ૫૨૨૦૦૦ ઈક્વીટી શેર, દીઠ રૂ.૨૨૫ ની કિંમતે ઓફર કરીને રૂ. ૧૧.૭૫ કરોડ એકત્રિત કરવા મૂડી બજારમાં આવેલ છે. જાહેર ભરણા માટે આ ઈસ્યુ તા. ૧૩.૩.૨૦૧૯ના રોજ ખુલશે અને તા. ૧૮.૦૩.૨૦૧૯ ના રોજ બંધ થશે. ઓછામાં ઓછી અરજી ૫૦૦ શેર માટે અને તેના ગુણાંકમાં કરી શકાશે. ફાળવણી પછી તેમના શેર બી એસ ઈ એસ એમ ઈ પર લીસ્ટ થશે.

આ ઈસ્યુના લીડ મેનેજર આર્યમાન ફાઈનાન્સિઅલ સર્વિસીસ લી છે જ્યારે કાર્વી ફીનટેક પ્રા. લી. તેના રજીસ્ટ્રાર છે. આર્યમાન કેપિટલ માર્કેટસ લી. આ ઈસ્યુના માર્કેટ મેકર તરીકે કાર્ય કરી રહેલ છે.

આ ઈશ્યુ ભરાઈ ગયા પછી કંપનીની ભરપાઈ થયેલ મૂડીનો ૧૧.૭૩ ટકા હિસ્સો આપશે. આ કંપની આ ઈસ્યુની પ્રક્રિયા માટે રૂ. ૦.૬૫ કરોડ ખર્ચ કરી રહેલ છે.

શરૂઆપમાં ભાવો ભાવ શેર આપ્યા પછી, આ કંપનીએ ઑગષ્ટ ૨૦૦૯ થી મે ૨૦૧૭ વચ્ચે શેર દીઠ રૂ. ૩૬ થી રૂ. ૧૦૦ના ભાવે શેર આપેલ હતા. આ ઉપરાંત તેમણે જાન્યુઆરી ૨૦૧૭ માં ૨ શેર પર ૩ શેર બોનસ આપેલ હતું.

પ્રમોટર્સ દ્વારા શેરના સંપાદનની સરેરાશ કિંમત રૂ.૪.૦૦ અને રૂ.૪.૭૭ પ્રતિ શેર છે. આ ઈસ્યુ ભરાયા પછી આ કંપનીની વર્તમાન પેઈડ અપ ઈક્વિટી કેપિટલ હાલ જે રૂ. ૩.૯૩ કરોડ છે તે વધીને રૂ. ૪.૪૫ કરોડ થશે.

**આર્થિક દેખાવ**

આર્થિક દેખાવને મોરચે છેલ્લા બે નાણાકીય વર્ષમાં આ કંપનીએ ટર્નઓવર/ચોખ્ખો નફો અનુક્રમે રૂ. ૨૧.૯૪ કરોડ / રૂ. ૨.૪૧ કરોડ (એફવાય ૧૮) અને રૂ. ૩૬.૪૨ કરોડ / રૂ. ૪.૯૫ કરોડ (એફવાય ૧૯) દર્શાવેલ છે. એકલ ધોરણે, એમઆઈએલએ ટર્નઓવર/ચોખ્ખો નફો રૂ. ૧૩.૪૯ કરોડ/રૂ. ૧.૨૫ કરોડ (એફવાય ૧૭), રૂ. ૨૧.૫૭ કરોડ / રૂ. ૨.૫૫ કરોડ (એફવાય ૧૮) અને રૂ. ૩૫.૩૧ કરોડ / રૂ. ૪.૫૨ કરોડ નોંધાવેલ છે. આ રીતે આ કંપની છેલ્લા ત્રણ ના. વ. માટે તે ટોપ અને બોટમ લાઈનમાં વૃદ્ધિ દર્શાવેલ છે.

છેલ્લા બે ફિસ્કલ્સ માટે, એકીકૃત ધોરણે, એમઆઈએલએ સરેરાશ ઈપીએસ રૂ. ૧૦.૫૦ અને સરેરાશ આર ઓ એન ડબલ્યુ છે. તા. ૩૧.૩.૧૯ ના રોજની એન એ વી રૂ. ૩૫.૫૨ના આધારે ઈસ્યુનો ભાવ ૬.૦૫ના પી/બીવી થી આવે છે. અને ઈસ્યુ પછીના એન એ વી રૂ. ૫૭.૭૫ મુજબ ૩.૭૨ ના પી/બીવીથી આવે છે. જો આપણે ના. વ. ૧૯ કમાણીને ઈસ્યુ પછીના બધા જ શેર આધારે વહેંચીએ તો ભાગવામાં આવેલભાવ લગભગ ૧૯ વત્તાના પી/ઈ પર આવે છે.

મેઈડન લીસ્ટીંગ પછી આ કંપનીએ ઐતિહાસિક ઉંચી સપાટી/નીચી સપાટી રૂ .૩૯૩/રૂ. ૩૦.૫૫ અને છેલ્લા ૫૨ સપ્તાહમાં રૂ. ૨૪૦ / રૂ. ૧૬૬ દર્શાવેલ છે. તેના શેરનો છેલ્લો વેચાણ ભાવ રૂ. ૨૦૮.૬૫ ( તા. ૭.૬.૧૯ના રોજ છે.

**સમાન કંપનીઓ સાથે સરખામણી**

ઓફર ડોક્યુમેન્ટ્સ મુજબ, તેણે લક્ષ્મી મશીન વર્ક્સ, લક્ષ્મી ઓટોમેટિક લુમ્સ અને સ્ટોવ ઈન્ડસ્ટ્રીઝને તેના લિસ્ટેડ પીઅર્સ તરીકે દર્શાવી છે, જે વર્તમાનમાં ૨૭, ૧૮ અને ૧૭ (૦૭.૦૬.૧૯ ના રોજ) ની પી / ઈ એસ પર ટ્રેડ કરી રહ્યા છે. જો કે, તેઓ આ કંપની સાથે ચૂસ્ત રીતે તુલનાત્મક નથી.

**મર્ચંટ બેંકરનો દેખાવ**

**મર્ચન્ટ બેક્રરના મોરચે,** છેલ્લા ત્રણ વર્ષમાં તેમના જૂથ દ્વારા આ ૩૨મી કાગમીરી છે, છેલ્લા ૧૦ લીસ્ટીંગમાં લીસ્ટીંગના દિવસે એક શેર ડીસ્કાઉન્ટ ભાવે અને બાકીના બધા જ શેર ૦.૦૨% થી ૧.૨૫ ટકા પ્રિમિયમથી ખુલેલ હતા. આમ આ નબળો ટ્રેક રેકર્ડ છે.

**નિષ્કર્ષ / ઈન્વેસ્ટમેંટ સ્ટ્રેટેજી**

તેની પ્રથમ આઈપીઓ કિંમતના આધારે, તેણે લાંબા ગાળે આકર્ષક વળતર આપ્યું છે અને ટોપ અને બોટમ લાઈનમાં વૃદ્ધિને વેગ આપ્યો છે. જો કે, વર્તમાન એફપીઓ તેના છેલ્લા ટ્રેડિંગ ભાવ રૂ. ૨૦૮.૬૫ કરતાં ઊંચી કિંમતે છે. આ એફપીઓમાંથી પસાર થવા માટે, રોકાણકારોને આકર્ષવા માટે માર્કેટ ઓપરેશન નકારી શકાય નહીં. તેથી જેના હાથ પર વધારાની રોકડ હોય અને જોખમની સમજ ધરાવતા હોય તેવા રોકાણકારો તેમના પોતાના જોખમે લાંબા ગાળા માટે રોકાણ કરવા વિચારી શકે છે.

DISCLAIMER: No financial information whatsoever published anywhere here should be construed as an offer to buy or sell securities, or as advice to do so in any way whatsoever. All matter published here is purely for educational and information purposes only and under no circumstances should be used for making investment decisions. Readers must consult a qualified financial advisor prior to making any actual investment decisions, based on information published here. With entry barriers, SEBI wants only well-informed investors to participate is such offers. With crazy recent listings, SME IPOs have started drawing the attention of investors across the board. However, as SME issues have entry barriers and continued low preference from broking community, any reader taking decisions based on any information published here does so entirely at own risk. Above information is based on information available as on date coupled with market perceptions. Author has no plans to invest in this offer

## ઝી ટીવીના સા રે ગા મા પા લિટલ ચેમ્પના વિજેતાનો તાજ નાગપુરની છોકરી સુગંધા દાતેના શીરે

**આ પ્રતિભાશાળી બાળગાયકને ઈચ્છીત ટ્રોફીની સાથે રૂ.૫ લાખની રોકડનું ઈનામ પણ મળશે ?**

એજન્સી દ્વારા મુંબઈ, ૯મી જૂન, ૨૦૧૯: સપ્તાહ દર સપ્તાહ, તેના સ્પર્ધકના કેટલાક અદ્દભુત પર્ફોર્મન્સથી દર્શોનું મનોરંજન કર્યા બાદ, સા રે ગા મા પા લિટલ ચેમ્પ આ સપ્તાહે તેના અંતની નજીક આવી પહોંચ્યો હતો! આ શોની વિજેતાનો તાજ નાગપુરની છોકરી સુગંધા દાતેને માથે ગયો છે, જે અત્યંત મસ્તીભર્યા અને ઉજવણીની સાથે જાહેર થયો હતો. સુગંધા દાતેને ઈચ્છીત ટ્રોફીની સાથે રૂ. ૫ લાખનું રોકડ ઈનામ પણ મળ્યું છે. સુગંધા એ આ સિઝનની સતત શ્રેષ્ઠ પર્ફોર્મર રહી છે અને તેને જજ તથા શોના દર્શકો દ્વારા અત્યંત વખાણ પણ પ્રાપ્ત થયા છે. ફાઈનાલિસ્ટ પ્રિતમ આચાર્ય અને મોહમ્મદ ફૈઝ અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમના વિજેતા જાહેર થયા છે.

તેની જીત અંગે અત્યંત ઉત્સાહિત એવી સુગંધા દાતે કહે છે, "સા રે ગા મા પા લિટલ ચેમ્પએ મારા માટે ખૂબ જ શ્રેષ્ઠ શિખવાનો અનુભવ હતો. આટલા સુંદર નિષ્ણાંતો અને મેન્ટોરની નીચે મને તાલિમ મળીએ માટે હું મારી જાતને અત્યંત ધન્ય ગણું છું. જજએ હંમેશા મને મારી ગાયકીના પ્રવાસમાં પ્રોત્સાહિત કરી છે અને મને એક ગાયક તરીકેની મારી ક્ષમતા અને સક્ષમતા સમજવામાં મદદ કરી છે. હું અત્યંત ખુશ છું કે, મને આ તક મળી, જેનાથી હું મારી પ્રતિભાને સા રે ગા મા પા લિટલ ચેમ્પ જેવા મહાન પ્લેટફોર્મ પર દર્શાવી શકું. હું ખુશ છું કે, મે શો દરમિયાન જ્યુરીના સભ્યો તથા મારા સાથી સ્પર્ધકોની સાથે પણ કેટલો ખાસ જોડાણ બનાવ્યા છે, જેને હું જિંદગીભર યાદ રાખીશ. હું મારા આ નવા ગાયકીના પ્રવાસ માટે અત્યંત ઉત્સાહિત છું અને હંમેશા આશા રાખું છું કે, સા રે ગા મા પા લિટલ ચેમ્પની સમગ્ર ટીમને ગર્વ અપાવીશ. અંતે એટલું જ કહીશ કે, હું અત્યંત સુંદર અનુભવ માટે ઝી ટીવીનો આભાર માનું છું."




## અભિનેત્રી બનવા માટે પરીક્ષા જતી કરીઃ &TV પર જાત ના પૂછો પ્રેમ કી સાથે ટેલિવિઝન પર પદાર્પણ કરનારી પ્રણાલી રાઠોડ

એજન્સી દ્વારા &TV પર જાત ના પૂછો પ્રેમ કી લાખ્ખો દર્શકોને મોહિત કરનારી ૨૦૧૬ની હિટ ફિલ્મ સૈરાટ પરથી બનાવવામાં આવેલી સૌપ્રથમ ટેલિવિઝન સિરિયલ છે. આ શોમાં નવોદિત પ્રણાલી રાઠોડે ટેલિવિઝન અવકાશમાં પ્રવેશ કર્યો છે. તેનું સુમનનું પાત્ર એક ઉચ્ચ વર્ગની યુવતી છે, જે દલિત યુવક બાદલ (કિન્શુક વૈદ્ય) સાથે પ્રેમમાં પડે છે. યવતમાળના નમ્ર પરિવારમાં જન્મેલી પ્રણાલી મોડેલિંગ સાથે પોતાની કારકિર્દી શરૂ કરે છે. અમુક ટોચની બ્રાન્ડ્સ માટે રેમ્પ પર વોક કરવા સાથે તેણે અમુક ટેલિવિઝન કમર્શિયલ્સમાં પણ કામ કર્યું છે અને ટૂંક સમયમાં જ અભિનયમાં પ્રસાર કરીને બાળપણનું સપનું સાકાર કરવા માટે સુસજ્જ છે.

અભિનયમાં ઉત્તમ લગાવ અને ટેલિવિઝનની દુનિયામાં પ્રવેશવાની ઉત્સુકતા સાથે પ્રણાલી હવે ટેલિવિઝન પર પદાર્પણ કરી રહી છે ત્યારે શોમાં મુખ્ય ભૂમિકા કઈ રીતે મળી તે પણ રસપ્રદ વાર્તા છે. આ યુવા અભિનેત્રી માસ મિડિયા અને જર્નલીઝમની વિદ્યાર્થિની હોઈ હાલમાં કોલેજના બીજા વર્ષમાં છે અને શોના ઓડિશન માટે બોલાવવામાં આવી ત્યારે તે તંગ સ્થિતિમાં હતી કારણ કે આખરી સત્રની પરીક્ષાઓ વખતે જ તેને કોલ આવ્યો હતો. આમ છતાં અભિનેત્રી બનવાનાં લાંબા સમયનાં સપનાંને પરિપૂર્ણ કરવાનું પસંદ કરતાં તેણે પરીક્ષાને બદલે ઓડિશન આપવાનું પસંદ કર્યું.



## મોન્ડેલીઝ ઈન્ટરનેશનલ ભારતમાં લોન્ચ કરે છે ૩૦ ટકા ઓછા શુગર સાથેની કેડબરી ડેરી મિલ્ક

**ભારતીય ગ્રાહકોને કેડબરી ડેરી મિલ્કની પસંદગી અને સ્વાદિષ્ટ સ્વાદ સાથે સશક્ત બનાવે છે**

એજન્સી દ્વારા ભારત, ૧૦ જૂન, ૨૦૧૯- ભારતની સૌથી વહાલી ચોકલેટ કેડબરી ડેરી મિલ્કહવે ૩૦% લેસ શુગર નવા બારમાં પણ મળશે, જે ગ્રાહકોને વધુ પસંદગી આપે છે અને સ્વાદિષ્ટ કેડબરી ડેરી મિલ્કનો સ્વાદ આપે છે. કેડબરી ડેરી મિલ્ક૩૦% લેસ શુગરમાં કોઈ ઉમેરાયેલા કૃત્રિમ સ્વીટનર્સ નથી અને શેલ્વ્સ પર કેડબરી ડેરી મિલ્ક પ્રોડક્ટોના મોજૂદ પોર્ટફોલિયો સાથે બિરાજમાન થશે. ભારત મોન્ડેલીઝ ઈન્ટરનેશનલ વર્લ્ડમાં આ અજોડ પ્રોડક્ટ લોન્ચ કરનાર પ્રથમ દેશ છે. ઈનોવેશન ગ્રાહકોને યોગ્ય નાસ્તા કરવા સશક્ત બનાવવા અને નવા ઈટ અનુભવ નિર્માણ કરીને તેમની પસંદગી પૂરી પાડવાની કંપનીની કટિબદ્ધતાને અધોરેખિત કરે છે.




મોન્ડેલીઝ ઈન્ડિયાના પ્રેસિડેન્ટ દીપક ઐયરે જણાવ્યું હતું કે આપણા દેશમાં કેડબરી ડેરી મિલ્કના ચાહકોને ધ્યાનમાં લેતાં ભારતમાં આ પ્રોડક્ટ રજૂ કરવામાં અમને ખુશી છે. બ્રાન્ડના ઈતિહાસમાં આ અત્યંત નોંધનીય ઈનોવેશન છે. અમે ચોકલેટના સ્વાદમાં નવો દાખલો બેસાડવાનું ચાલુ રાખ્યું છે ત્યારે અમે અમારા ગ્રાહકોને સમજીએ છીએ અને તેમના પ્રત્યે અમારી કટિબદ્ધતા માટે સતર્ક છીએ. ૩૦ ટકા ઓછા શુગર સાથેની કેડબરી ડેરી મિલ્ક વધુ એક વિશેષ ઈનોવેશન છે, જે અમારા સીડએમના ચાહકોને અમારા વિશ્વવિખ્યાત સ્વાદ અને ગુણવત્તા સાથે બાંધછોડ કર્યા વિના ઓછા શુગરનો વિકલ્પ આપે છે. અમારી અપેક્ષા છે કે આ ઈનોવેશન અમારા પોર્ટફોલિયોને મજબૂત બનાવશે, કારણ કે તે મુખ્ય કેડબરી ડેરી મિલ્ક સહિત અમારી અત્યંત વહાલી બ્રાન્ડ્સને પૂરક છે.

## મોન્ડેલીઝ ઈન્ટરનેશનલ ભારતમાં લોન્ચ કરે છે ૩૦ ટકા ઓછા શુગર સાથેની કેડબરી ડેરી મિલ્ક

એજન્સી દ્વારા ભારત, ૧૦ જૂન, ૨૦૧૯-ભારતની સૌથી વહાલી ચોકલેટ કેડબરી ડેરી મિલ્કહવે ૩૦% લેસ શુગર નવા બારમાં પણ મળશે, જે ગ્રાહકોને વધુ પસંદગી આપે છે અને સ્વાદિષ્ટ કેડબરી ડેરી મિલ્કનો સ્વાદ આપે છે. કેડબરી ડેરી મિલ્ક૩૦% લેસ શુગરમાં કોઈ ઉમેરાયેલા કૃત્રિમ સ્વીટનર્સ નથી અને શેલ્વ્સ પર કેડબરી ડેરી મિલ્ક પ્રોડક્ટોના મોજૂદ પોર્ટફોલિયો સાથે બિરાજમાન થશે. ભારત મોન્ડેલીઝ ઈન્ટરનેશનલ વર્લ્ડમાં આ અજોડ પ્રોડક્ટ લોન્ચ કરનાર પ્રથમ દેશ છે. ઈનોવેશન ગ્રાહકોને યોગ્ય નાસ્તા કરવા સશક્ત બનાવવા અને નવા ઈટ અનુભવ નિર્માણ કરીને તેમની પસંદગી પૂરી પાડવાની કંપનીની કટિબદ્ધતાને અધોરેખિત કરે છે.






**એજન્સી દ્વારા કલર્સના શો ખતરા ખતરા ખતરા પર બાહુબલી એક્ટ કલર્સના શો ખતરા ખતરા ખતરા પર થ્રિલ અને એક્સાઈટમેન્ટ ડબલ થઈ જશે જ્યારે સેટ માહેશ્વતી સામ્રાજ્યમાં ફેરવાશે. આવનાર એપિસોડમાં, શોની કાસ્ટ બાહુબલી એક્ટ પ્રદર્શિત કરશે. ભારતી સિંહ આ એપિસોડમાં શિવગામી, હસરહ લીમ્બાચીયા અમેન્દ્ર બાહુબલી, આદિત્ય નારાયણ ભલ્લાલદેવ અને ગર્વિત કટપ્પાની ભૂમિકા ભજવી દર્શકોનું મનોરંજન કરતાં નજરે પડશે.**

Printed, Published and Owned by Shri Narendra G.Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA G. JOSHI. PH :-079- 27451449, (M) 9825065387
RNI NO. GUJGUJ/2012/48123

# આઈડીબીઆઈ બેંક લિ.એ મેક્સ બુપા સાથે સ્ટેન્ડઅલોન હેલ્થ ઈન્શ્યુરન્સ જોડાણ કર્યું

એજનસી દ્વારા આઈડીબીઆઈ બેંક લિ. અને સ્ટેન્ડઅલોન હેલ્થ ઈન્શ્યુરન્સ (એસએએચઆઈ) મેક્સ બુપાએ ૧ જૂન, ૨૦૧૯ના રોજ બેંકએશ્યોરન્સ કોર્પોરેટ એજન્સી કરાર કર્યા છે. આઈડીબીઆઈ બેંક પહેલી વાર ઓપન આર્કિટેક્ચર હેઠળ પહેલી વાર એસએએચઆઈ પાર્ટનર માટે કોર્પોરેટ એજન્ટ તરીકે બોર્ડ પર આવી છે.

જોડાણના ભાગરૂપે મેક્સ બુપા દેશભરમાં વૈવિધ્યપૂર્ણ ગ્રાહક મૂળને આપે તે વ્યાપક આરોગ્ય વીમો ઓફર કરશે. આ જોડણ થકી મેક્સ બુપા ભારતભરમાં તેની ૧૮૦૦થી વધુ શાખામાં ફેલાયેલા બેંકના ૨૦ મિલિયન ગ્રાહકો માટે તૈયાર કરાયેલી આરોગ્ય વીમા યોજનાઓ અને ડિજિટલ ફર્સ્ટ પરિમાણોની વ્યાજ શ્રેણી ઓફર કરશે.

આ અવહસરે બોલતાં આઈડીબીઆઈ બેંકના એમડી અને સીઈઓ શ્રી રાકેશ શ મ ા અ જણાવ્યું હતું કે અમે હંમેશા અ મ ા ર ા ગ્રાહકોની જરૂરતોને




સમજવા અને તેમની નાણાકીય આવશ્યકતાઓને પરિપૂર્ણ કરતાં નિવારણો આપવા પર ભાર આપ્યો છે. મેક્સ બુપા સાથે અમારું જોડાણ કક્ષામાં અવ્વલ વીમાયોજનાઓ ધરાવવાની ગ્રાહકોની વધતી માગણીનું પરિણામ છે અને મેક્સ બુપા સાથે અમારા જોડાણ થકી અમે અમારા ગ્રાહકોને ગ્રાહકલક્ષી ડિજિટલી અભિમુખ આરોગ્ય વીમા યોજનાઓ ઓફર કરી શકીશું.

તેમણે એમ પણ જણાવ્યું કે આઈડીબીઆઈ બેંક થર્ડ પાર્ટી વિતરણ થકી ફી ઈંક્મ વધારવા પર વધુ ધ્યાન આપી રહી છે. આ જોડાણ તે જ દિશામાં પગલું છે.

# "જ્યારે સલિમ- સુલેમાનએ મને મારો પ્રથમ બ્રેક આપ્યો ત્યારે હું માત્ર ૧૫ વર્ષનો જ હતો"

### અમાલ મલિક:

## આ સપ્તાહને અંતે, સલિમ મર્ચન્ટ સા રે ગા મા પા લિટલ ચેમ્પમાં મહેમાન જજ તરીકે જોવા મળશે!

એજન્સી દ્વારા પ્રસિદ્ધ ગાયકી આધારીત રિયાલિટી શો સા રે ગા મા પા લિટલ ચેમ્પ તેના ગ્રાન્ડ ફિનાલેની નજીક જઈ રહ્યો છે, ટોચના ૬ ગાયકી પ્રતિભાઓ દર્શકોના દિલ જીતવા તથા લિટલ ચેમ્પનું ટાઈટલ જીતવા માટે લડી રહ્યા છે. આ બાળકોને કેટલીક મહત્વની ટીપ્સ આપતા તથા ગ્રાન્ડ ફિનાલેમાં તેમનું શ્રેષ્ઠ આપવા પ્રોત્સાહિત કરવા માટે પ્રસિદ્ધ ગાયક સલિમ મર્ચન્ટ શોના સેટની શોભા વધારશે, તેઓ શોમાં જજ શાનના સ્થાને આવશે કારણકે, તે આગામી એપિસોડનું શૂટિંગ કરી શકે તેમ નથી.

ઘણા લોકો નથી જાણતા કે, જજ અમાલ મલિકે તેમની કારકીર્દીની શરૂઆત ૧૫ વર્ષની ઉંમરમાં પ્રસિદ્ધ સંગીતમય જોડી સલિમ- સુલેમાનની નીચે ઈન્ટર્ન તરીકે કરી હતી. સલિમના શોમાં પ્રવેશ્યા બાદ અને અલી મૌલા તથા ઐવ્યૈ ઐવ્યૈ લૂટ ગયા ગીતના પર્ફોર્મન્સ બાદ, અમાલ મલિકે જણાવ્યું કે, "હું જ્યારે સલિમ સુલેમાનને મળવા ગયો ત્યારે ફક્ત ૧૫ વર્ષનો જ હતો અને તેમને વિનંતી કરી હતી કે, મારે તેમના માર્ગદર્શન હેઠળ કામ કરવું છે. તે ઉદ્યોગમાં મારું પ્રથમ પગથીયું હતું અને તેમને મને સંગીત શિખવામાં મદદ કરી હતી. મને યાદ છે, હું 'બ્લુ સ્ટુડિયો' ગયો અને તેમને એવું કહીને વિનંતી કરી હતી કે, હું તેમના માટે કામ અને પ્રોગ્રામ કરવા ઈચ્છું છું."



સલિમે એવું કહીને તેમના વખાણ કર્યા કે, "અમાલ અને અરમાન બંને ભાઈઓ અત્યંત મહેનતુ છે અને તેઓ આજે જે સફળતા ઈચ્છે છે તેને લાયક છે. એક જજ તરીકે, 'કમાલ કા અમાલ કર કહે હો આપ!' અમાલ હું આ શોને જોઉં છું અને તને આગળ વધતો જોઈને ખૂબ જ ખુશી અનુભવું છું. તું આજે ખૂબ જ સારો સંગીતકાર અને ગાયક બની ગયો છે."

વધુ જાણવા માટે જોતા રહો, સા રે ગા મા પા લિટલ ચેમ્પ દર શનિવાર અને રવિવાર રાત્રે ૯ વાગે ફક્ત ઝી ટીવી પર!

### મોદી સરકાર ટૂંકમાં વ્યવસ્થા અમલી કરશે

# વર્ષમાં રોકડમાં ૧૦ લાખથી વધારે ઉપાડનાર ઉપર ટેક્સ

## બોગસ બિલ, આવાસની એન્ટ્રીઓ, કૃત્રિમ નુકસાનના દાવાઓને શોધી કાઢવા બીસીટીટી વ્યવસ્થા ફરી લવાશે

એજન્સી દ્વારા
નવી દિલ્હી, તા. ૧૦

બ્લેકમની સામે કાર્યવાહીને વધુ આક્રમક બનાવવા અને ડિજિટલ લેવડદેવડને વધુ પ્રોત્સાહન આપવાના હેતુસર નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ટૂંક સમયમાં જ એવા લોકો ઉપર ટેક્સની શરૂઆત કરશે જે લોકો એક વર્ષમાં રોકડમાં ૧૦ લાખ અથવા તો તેનાથી વધુ રકમનો ઉપાડ કરે છે. સરકાર દ્વારા ટેક્સ રિટર્નના આંકડાની ચકાસણી કરવામાં આવશે. વ્યક્તિગતોને ટ્રેક કરવા માટે હાઈવેલ્યુના કેશવિડ્રોઅલ માટે આધારના પ્રમાણનો ફરજિયાત કરવામાં આવશે. આ સપ્તાહની શરૂઆતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તેની પોલિસી સમીક્ષા જારી કરતી વેળા એનઈએફટી અને આરટીજીએસ પેમેન્ટ સર્વિસનો ઉપયોગ કરવા માટે બેંકો ઉપર લાદવામાં આવેલી ફીને દૂર કરી દીધી હતી. હવે આરટીજીએસ પેમેન્ટ સર્વિસનો ઉપયોગ વધારે કરવામાં આવે તેવી શક્યતા છે. કેન્દ્ર સરકારનું પણ કહેવું છે કે, એટીએમ વિડ્રોઅલ પર બેંકો દ્વારા લાગૂ કરવામાં આવેલા રિવ્યુ ચાર્જ માટે એક પેનલની રચના કરવામાં આવી ચુકી છે. આરટીજીએસ અને એનઈએફટી લેવડદેવડ પર લાગૂ કરવામાં આવેલા ચાર્જનો રદ કરવાની જાહેરાત કરવામાં આવી ચુકી છે. ડિજિટલ લેવડદેવડને વધુ પ્રોત્સાહન મળે તે દિશામાં પહેલ થઈ રહી છે. સરકાર દ્વારા રોકડ લેવડદેવડને બંધ કરવાના હેતુસર ભારે ટિકાનો સામનો કરી ચુકેલી બેંકિંગ કેશ ટ્રાન્ઝિક્શન ટેક્સની ફરી શરૂઆત કરી શકે છે. જો આને અમલી કરવામાં આવશે તો આને લઈને અમીર લોકો સામે મુશ્કેલી વધી શકે છે. બેંકિંગ કેશ ટ્રાન્ઝિક્શન ટેક્સ બોગસ બિલ, આવાસની એન્ટ્રીઓ, કૃત્રિમ નુકસાનના દાવાને શોધી કાઢવા કરદાતાઓને મદદરુપ બનશે.

આ વ્યવસ્થા અગાઉ પહેલી જૂન ૨૦૦૫ના દિવસે અને પહેલી એપ્રિલ ૨૦૦૯ વચ્ચેના ગાળામાં અમલી કરવામાં આવી છે. નાણામંત્રી તરીકે પી ચિદમ્બરમ હતા ત્યારે આ વ્યવસ્થા અમલી કરવામાં આવી હતી તે વખતે યુપીએ સરકાર હેઠળ આ વ્યવસ્થા લાગૂ કરવામાં આવી હતી. જો કે ભારે હોબાળો થયા બાદ આ વ્યવસ્થાને પરત ખેંચી લેવામાં આવી હતી. હવે ફરી એકવાર મોદી સરકાર આ વ્યવસ્થાને અમલી કરવાની યોજના ધરાવે છે. એટીએમ વિડ્રોઅલ પર બેંકો દ્વારા લાગૂ કરવામાં આવેલા ચાર્જની સમીક્ષા કરવા માટે પણ એક પેનલની રચના કરવામાં આવી છે. યુપીએના ગાળા દરમિયાન કેટલીક સારી યોજનાઓ બનાવવામાં આવી હતી પરંતુ આ યોજનાઓ યોગ્યરીતે અમલી કરી શકાય ન હતી જેના લીધે કોંગ્રેસની વ્યાપક ટિકા થઈ હતી.



પેરિસમાં રોલેન્ડ ગેરોસ ખાતે રમાયેલી વર્ષની બીજી ગ્રાન્ડ સ્લેમ ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ હવે પૂર્ણ થઈ છે. આ વખે પુરૂષોના વર્ગમાં સ્પેનના રાફેલ નડાલને સિંગલ્સમાં તાજ જીત્યો છે. જ્યારે મહિલાઓના વર્ગમાં બાર્ટી વિજેતા થઈ છે. નડાલે ફરી એકવાર સાબિતી આપી છે કે તે ક્લે કોર્ટના બાદશાહ તરીકે છે. તેનો ક્લે કોર્ટ પર કોઈ જવાબ નથી.

# વિ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા ચેરિટી શો નું આયોજન

### સુરતની આગની ઘટનામાં મૃત્યુ પામેલા બાળકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી



એજન્સી દ્વારા સામાજિક સેવાકીય ક્ષેત્રે કાર્યરત શહેરની વિ હેલ્પ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કેન્સર પીડિત બાળકોના લાભાર્થે ૯મી જૂન, રવિવારના રોજ વિશેષ ચેરિટી શો "રૂપિયાની રાણી ને ડોલરિયો રાજ્જા" નાટક આયોજિત કરવામાં આવ્યું હતુ.

સંસ્થા દ્વારા દર વર્ષે ઓગસ્ટ મહિનામાં આવતા ફ્રેન્ડશીપ ડેની કેન્સર પીડિત બાળકો સાથે વિશેષ રીતે ઉજવણી કરવામાં આવે છે અને તેને અનુલક્ષીને દર વર્ષે ચેરીટી શોનું આયોજન કરવામાં આવે છે. છેલ્લા આઠ વર્ષથી અનોખી રીતે આ ઉજવણી કરવામાં આવે છે.

ચેરીટી શો દરમિયાન સંસ્થા દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે પ્રોજેક્ટ વિદ્યા, પ્રોજેક્ટ વાત્સલ્ય વિશેની માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સંસ્થાના ફાઉન્ડર નિરવ શાહ, મૌલિક ભાવસાર, સચિન શાહ તથા વિઝન રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ચેરીટી શોના કાર્યક્રમની શરૂઆત કરતાં પહેલા સુરતમાં આગની ઘટનામાં મૃત્યુ પામેલા બાળકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

# એન્ડપિક્ચર્સ પ્રસારિત કરે છે, જુમાનજી: વેલકમ ટુ ધ જંગલ

### શનિવાર ૧૫મી જૂન સવારે ૧૧ વાગે

એજન્સી દ્વારા જુમાનજી: વેલકમ ટુ જંગલના તદ્દન નવા સાહસોમાં, જેમાં ૪ ટીનએજર જુમાનજીની દુનિયામાં પહોંચી ગયા છે. જ્યારે તેમને એક જૂની વિડીયો ગેમ કોન્સોલને શોધે છે, ત્યારે તેમને ક્યારેય ખબર ન હતી કે, તેમની આ રમત તુરંત જ જંગલના સેટિંગમાં બદલાઈ જશે, અને તેમના શરીર તેમના અવતારમાં આ જશે. તેઓ બધા જ તેમના જીવનના અત્યંત ભયાનક સાહસિકોમાંથી નિકફી શકશે કે પછી તેઓ આ રમતમાં હંમેશા માટે ફસાઈ જશે. જેક કાસડન દ્વારા ડિરેક્ટ આ ફિલ્મમાં ડ્વેયન જહોનસન, 'ધ રોક' જેવા સુપર સ્ટાર, સ્ટેન્ડઅપ કોમેડિયન કેવિન હર્ટ, જેક બ્લેકનીસ સાથોસાથ કરેન ગીલન અગ્રણી ભૂમિકામાં છે. એન્ડ પિક્ચર્સ, નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ તૈયાર છે, તેની પ્રસ્તાવના વિકએન્ડકા મૂવી મેરેથોન હેઠફ આ ફેન્ટસી એડવેન્ચર ફિલ્મ 'જુમાનજી: વેલકમ ટુ ધ જંગલ'નું હિન્દીમાં જલ્દી પ્રસારિત થશે, શનિવાર ૧૫મી જૂન સવારે ૧૧ વાગે.



### જુદા જુદા સેક્ટરોમાં પ્રવર્તી મંદીને દૂર કરવાનો મુખ્ય હેતુ

# હવે ઉંચા જીએસટી સ્લેબથી વધુ કેટલીક વસ્તુઓ ટૂંકમાં દૂર થશે

## ૨૦મી જૂનના દિવસે નાણાપ્રધાન નિર્મલા સીતારામનના નેતૃત્વમાં જીએસટી કાઉન્સિલની બેઠક મળશે : જીએસટી ટેક્સ રેટ મુદ્દા ઉપર વિસ્તૃત ચર્ચા થશે

એજન્સી દ્વારા
નવીદિલ્હી, તા. ૧૦

ઉંચા જીએસટી સ્લેબમાંથી વધુ કેટલીક વસ્તુઓને બહાર કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. જીએસટી કાઉન્સિલની મિટિંગ ૨૦મી જૂનના દિવસે યોજનાર છે. પાંચમી જુલાઈના દિવસે રજૂ કરવામાં આવનાર બજેટ પહેલા આ મિટિંગને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે જેમાં જુદાજુદા વિષય પર ચર્ચા કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી મુજબ જીએસટી ટેક્સ રેટની સમીક્ષા આ બેઠકમાં કરવામાં આવશે. હાલમાં ૨૮ ટકાના ટોપ સ્લેબમાં રહેલી ચીજવસ્તુઓ પૈકીની કેટલીક ચીજવસ્તુઓના રેટમાં ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ વિષય ઉપર જીએસટી કાઉન્સિલ દ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવશે. કોઈપણ પ્રકારના નિર્ણય રેવેન્યુ ઉપર આધારિત રહેશે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં મંદી પ્રવર્તી રહી છે. પેસેન્જર વાહનોના વેચાણમાં ઘટાડો થઈ રહ્યો છે. કન્ઝ્યુમર ચીજવસ્તુઓના વેચાણમાં ઘટાડો થઈ રહ્યો છે. કન્સ્ટ્રક્શન સેક્ટરમાં પણ મંદી પ્રવર્તી રહી છે. આ તમામ કારણો વચ્ચે વધુ કેટલીક વસ્તુઓ જીએસટીના ઉંચા સ્લેબમાંથી દૂર કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. જીએસટી કાઉન્સિલની સરકારની નવી અવધિની આ પ્રથમ બેઠક રહેશે. નાણામંત્રી નિર્મલા સીતારામનના નેતૃત્વમાં આ બેઠક યોજાશે. તેમના નેતૃત્વ હેઠળ આ પ્રથમ બેઠક યોજાશે. નવી સરકારમાં નાણામંત્રી તરીકેની જવાબદારી નિર્મલા સીતારામન સંભાળી ચુક્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ કેટલીક તાકિદની જરૂરિયાતોને ધ્યાનમાં લેવામાં આવી રહી છે. દાખલાતરીકે ઓટો મોબાઈલમાં ૨૮ ટકાના જીએસટી સ્લેબને લઈને પણ ચર્ચા થશે. જુદા જુદા ક્ષેત્રોમાં ઘટી ગયેલી માંગને પહોંચી વળવા તથા તેજી લાવવાના ઈરાદા સાથે જીએસટી સ્લેબની ચર્ચા વિચારણા કરવામાં આવશે. કેટલાક રાજ્યો દ્વારા રજૂઆત કરવામાં આવી છેકે, ઉંચા સ્લેબના લીધે નોકરી ઉપર પણ પ્રતિકુળ અસર થઈ ગઈ છે. રેવેન્યુ પોઝિશનની પણ નોંધ લેવામાં આવી રહી છે. ભારતભરમાં ૫૦૦૦૦૦ રેસ્ટોરન્ટનું પ્રતિનિધિત્વ કરનાર નેશનલ રેસ્ટોરન્ટ ઈન્ડસ્ટ્રી બોડી દ્વારા ૧૨ ટકા જીએસટીનું સૂચન કરવામાં આવ્યું છે પરંતુ ઈનપુટ ટેક્સ ક્રેડિટ લાભની સાથે આની રજૂઆત કરવામાં આવી છે. નિર્મલા સીતારામન પાંચમી જુલાઈના દિવસે લોકસભામાં તેમનું પ્રથમ બજેટ રજૂ કરનાર છે જેમાં જીડીપીના ૩.૪ ટકા સુધી ૨૦૧૯-૨૦ માટે ફિસ્કલ ડેફિસિટ ટાર્ગેટ રાખવામાં આવે તેવી શક્યતા છે. વચગાળાના બજેટમાં જે આંકડો રજૂ કરાયો હતો તેને જાળવી રાખવાના પ્રયાસ કરવામાં આવશે. નોર્થ બ્લોકમાં બજેટ નિર્માણની કામગીરી શરૂ થઈ ચુકી છે. ટેક્સ રેવેન્યુ ઉપર સમીક્ષા થઈ રહી છે.

### બે વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ભારતને જીતાડવામાં મુખ્ય ભૂમિકા હતી

# ચેમ્પિયન ઓલરાઉન્ડર યુવરાજે ક્રિકેટમાંથી અંતે લીધેલી નિવૃત્તિ

## યુવરાજે ભારત તરફથી ૪૦ ટેસ્ટ મેચો, ૩૦૧ વનડે અને ૫૮ ટ્વેન્ટી મેચો રમી હતી : બ્રોડના એક જ ઓવરમાં ૬ છગ્ગાને ચાહકો ક્યારેય ભુલશે નહીં

એજન્સી દ્વારા
નવીદિલ્હી, તા. ૧૦

ટીમ ઈન્ડિયાના ચેમ્પિયન ઓલરાઉન્ડર યુવરાજસિંહે આજે

### યુવરાજસિંહ પ્રોફાઈલ

ટીમ ઈન્ડિયાના ચેમ્પિયન ઓલરાઉન્ડર યુવરાજસિંહે આજે ક્રિકેટના તમામ સ્વરુપમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. આની સાથે જ એક સારા યુગનો અંત આવ્યો હતો. યુવરાજસિંહે ભારતને વર્લ્ડકપ અપાવવામાં પણ ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. યુવરાજ પ્રોફાઈલ નીચે મુજબ છે.

| | |
|---|---|
| **ટેસ્ટ મેચોમાં** | |
| ટેસ્ટ | ૪૦ |
| ઈનિંગ્સ | ૬૨ |
| રન | ૧૯૦૦ |
| સદી | ૩ |
| અડધી સદી | ૧૧ |
| **વનડે મેચોમાં** | |
| વનડે | ૩૦૧ |
| ઈનિંગ્સ | ૨૭૮ |
| રન | ૮૭૦૧ |
| સદી | ૧૪ |
| અડધી સદી | ૫૨ |
| **ટી-૨૦ મેચોમાં** | |
| મેચ | ૫૮ |
| રન | ૧૧૭૭ |
| અડધી સદી | ૦૮ |
| **બોલિંગમાં સિદ્ધિ** | |
| ટેસ્ટમાં વિકેટ | ૦૯ |
| વનડેમાં વિકેટ | ૧૧૧ |
| ટ્વેન્ટીમાં વિકેટ | ૨૭ |

ક્રિકેટના તમામ સ્વરુપમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. આની સાથે જ એક સારા યુગનો અંત આવ્યો હતો. યુવરાજસિંહે ભારતને વર્લ્ડકપ અપાવવામાં પણ ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. યુવરાજસિંહે બે વર્લ્ડ ચેમ્પિયનશીપ ૨૦૦૭માં વર્લ્ડકપ ટી-૨૦ અને ૨૦૧૧ના વર્લ્ડકપમાં ભાગ લીધો હતી અને બંને વર્લ્ડકપમાં ભારતને જીત અપાવવામાં ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. ૨૦૧૭ બાદથી યુવરાજસિંહની પસંદગી ભારતીય ટીમમાં કરવામાં આવી રહી ન હતી. એમ માનવામાં આવે છે કે, ૩૭ વર્ષીય યુવરાજસિંહ આઈસીસીથી માન્યતા પ્રાપ્ત વિદેશી ટી-૨૦ લીગમાં ફ્રીલાન્સ ક્રિકેટર તરીકે કેરિયર બનાવવા ઈચ્છુક છે. જીટી-૨૦ (કેનેડા), આયર્લેન્ડ અને હોલેન્ડમાં યુરો-ટી-૨૦માં રમવાની ઓફર મળી રહી છે. આ સ્ટાઈલિસ્ટ બેટ્સમેને છેલ્લે ભારત માટે ફેબ્રુઆરી ૨૦૧૭માં ઈંગ્લેન્ડ સામે ટી-૨૦ મેચ રમી હતી. આ પહેલા તે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૧૭માં રમ્યો હતો. ત્યારબાદ વિન્ડિઝના પ્રવાસે ગયેલી ટીમનો હિસ્સો પણ રહ્યો હતો. યુવરાજે પોતાની વનડે કેરિયરની અંતિમ મેચ ૩૦મી જાન્યુઆરી ૨૦૧૭ના દિવસે વિન્ડિઝ સામે એન્ટીગુવામાં રમી હતી. પોતાની નિવૃત્તિની જાહેરાત કરતા યુવરાજસિંહે કહ્યું હતું કે, બાળપણથી જ તેના પિતા દેશ માટે રમવાના સ્વપ્નને પુર્ણ કરવાના પ્રયાસમાં લાગેલા હતા. યુવરાજે પોતાની ક્રિકેટ કેરિયરની વાત કરતા કહ્યું હતું કે, પોતાની ૨૫ વર્ષની કેરિયર અને ખાસ કરીને ૧૭ વર્ષની આંતરરાષ્ટ્રીય કેરિયરમાં અનેક ઉતારચઢાવ આવ્યા હતા. હવે તે આગળ વધવાનો નિર્ણય કરી ચુક્યો છે. આ ક્રિકેટની રમતથી તેને ઘણું શિખવા મળ્યું છે. કઈરીતે સંઘર્ષ કરવું જોઈએ તે બાબત પણ શિખવા મળી છે. યુવરાજસિંહે એક ક્રિકેટર તરીકે સફળતા હાંસલ કરવા બદલની ક્રેડિટ પોતાના પિતાને આપી હતી. યુવરાજે કહ્યું હતું કે, લાઈફમાં ક્યારે પણ હાર સ્વીકારી નથી. પિતાના સ્વપ્નને પૂર્ણ કરવા માટે સતત મહેનત કરી હતી. નિવૃત્ત થયા બાદ યુવરાજસિંહે પત્રકાર પરિષદમાં અનેક પ્રશ્નોના જવાબ આપ્યા હતા. યુવરાજે કહ્યું હતું કે, આઈપીએલના ગાળા દરમિયાન તે સચિન સાથે નિવૃત્તિ અંગે વાત કરી રહ્યો હતો. સચિને તેને કહ્યું હતું કે, કેરિયર ક્યારે ખતમ કરવી છે તે અંગે નિર્ણય પોતાના સિવાય અન્ય કોઈ લઈ શકે નહીં. વધારે ટેસ્ટ મેચ રમવાની તક મળી નથી તેને લઈને દુખ રહ્યું છે. કયા ખેલાડીમાં પોતાની છાપને નિહાળે છે તે અંગે પુછવામાં આવતા યુવરાજે કહ્યું હતું કે, રિષભ પંત સારો ખેલાડી છે અને તેનામાં તેની છાપ દેખાઈ આવે છે. ટીમ ઈન્ડિયાના વર્લ્ડકપ ૨૦૧૧માં કપ જીતવામાં યુવરાજની ભૂમિકા સૌથી ચાવીરુપ રહી હતી. યુવરાજની આ વર્લ્ડકપમાં મેન ઓફ ટુર્નામેન્ટ તરીકે પસંદગી કરવામાં આવી હતી. આ વર્લ્ડકપમાં યુવરાજે ૩૬૨ રન બનાવવાની સાથે સાથે ૧૫ વિકેટ પણ લીધી હતી. ૨૦૦૭ના વર્લ્ડકપ ટી-૨૦માં ઈંગ્લેન્ડની સામે બ્રોડના એક જ ઓવરમાં છ છગ્ગા ફટકારીને યુવરાજે એક નવો ઈતિહાસ સર્જ્યો હતો. આ મેચમાં માત્ર બોલમાં યુવરાજે અડધી સદી પુરી કરી હતી. આ રેકોર્ડ આજે પણ યુવરાજના નામ ઉપર જ છે. આ ચેમ્પિયન ખેલાડીએ ભારત માટે ૪૦ ટેસ્ટ મેચ, ૩૦૪ વનડે અને ૫૮ ટી-૨૦ મેચો રમી હતી. ૩૦૪ વનડેમાં યુવરાજે ભારત માટે ૩૦૧ મેચો રમી હતી. ૪૦ ટેસ્ટ મેચોની ૬૨ ઈનિંગ્સમાં યુવરાજના નામ ઉપર ૧૯૦૦ રન છે અને જેમાં ત્રણ સદી અને ૧૧ અડધી સદીસામેલ છે. વનડે કેરિયરની વાત કરવામાં આવે તો યુવરાજે ૨૭૮ ઈનિંગ્સમાં ૮૭૦૧ રન બનાવ્યા હતા જેમાં ૧૪ સદી અને બાવન અડધી સદી સામેલ છે. ૫૮ ટી-૨૦ મેચોમાં ૧૧૭૭ રન તેના નામ ઉપર છે જેમાં આઠ અડધી સદી સામેલ છે.



ટેસ્ટ મેચમાં નવ વનડે ૧૧૧ અને ટી-૨૦માં ૨૮ વિકેટ તે ઝડપી ચુક્યો છે. ૨૦૧૧ના વર્લ્ડકપ બાદ યુવરાજની તબિયત એકાએક બગડવા લાગી હતી જેના કારણે ચાહકો હચમચી ઉઠ્યા હતા. યુવરાજના ફેફસામાં કેન્સર ટ્યુમરના સમાચાર મળતા ક્રિકેટ ચાહકો આઘાતમાં ગરકાવ થઈ ગયા હતા. સારવાર માટે લાંબા સમય સુધી ક્રિકેટથી દૂર રહેવાની ફરજ પડી હતી. યુવરાજ આ ટ્યુમરની પીડા સાથે વર્લ્ડકપમાં રમ્યો હતો પરંતુ તે વખતે આ વાત કોઈની સામે જાહેર કરી ન હતી.

### ટીસીએસ, ઈન્ફોસીસ, ભારતી એરટેલ સહિતના શેરમાં તેજી રહી

# તીવ્ર લેવાલી વચ્ચે સેંસેક્સ ૧૬૯ પોઈન્ટ સુધરીને આખરે બંધ થયો

## નિફ્ટી બાવન પોઈન્ટ ઉછળીને ૧૧૯૨૩ની સપાટીએ : ટેરિફ વોરને ટાળવા અમેરિકા અને મેક્સિકો વચ્ચે સમજૂતિ થતાં ઘટનાક્રમની બજાર ઉપર અસર

એજન્સી દ્વારા મુંબઈ, તા. ૧૦

વૈશ્વિક ઘટનાક્રમના દોર વચ્ચે આજે શેરબજારમાં તેજી જામી હતી. બેન્ચમાર્ક ઈન્ડેક્સમાં તેજી માટે અનેક કારણો જવાબદાર રહ્યા છે. ટેરિફ વોરને ટાળવા માટે અમેરિકા અને મેક્સિકો વચ્ચે થયેલી સમજુતીની હકારાત્મક અસર વૈશ્વિક બજારોમાં જોવા મળી હતી. જેની અસર ભારતીય બજારમાં પણ દેખાઈ હતી. અમેરિકામાં નબળા જોબ ડેટા પણ જારી કરવામાં આવ્યા છે જેની અસર દેખાઈ રહી છે. આશાસ્પદ માહોલમાં આજે સેંસેક્સ ૧૬૯ પોઈન્ટ ઉછળીને ૩૯૭૮૫ની ઉંચી સપાટી પર રહ્યો હતો. ટીસીએસ, ઈન્ફોસીસ, ભારતી એરટેલ, એક્સીસ બેંક અને આઈટીસીના શેરમાં તેજી રહી હતી. બીએસઈમાં ૩૦ શેર પૈકી ૨૦ શેર તેજીમાં રાખ્યા હતા. બ્રોડર નિફ્ટી ઈન્ડેક્સ બાવન પોઈન્ટ ઉછળીને ૧૧૯૨૩ની ઉંચી સપાટી પર રહ્યો હતો. જો કે માર્કેટ બ્રિડથ નકારાત્મક રહી હતી. કારોબાર દરમિયાન ૧૦૮૩ શેરમાં મંદી રહી હતી. ૭૦૧ શેરમાં તેજી રહી હતી. નિફ્ટી સેક્ટરલ ઈન્ડેક્સમાં મિશ્ર સ્થિતી રહી હતી. નિફ્ટી આઈટી અને નિફ્ટી એમએમસીજીમાં તેજી રહી હતી. બંનેમાં એક એક ટકાનો ઉછાળો રહ્યો હતો. નિફ્ટી મિડિયા અને નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં ફરી ઘટાડો થયો છે. બંનેમાં ૧.૫ ટકા સુધીનો ઘટાડો થયો છે. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૧૭ પોઈન્ટનો ઉછાળો રહેતા ૧૪૯૨૩ની સપાટી પર રહ્યો હતો. જ્યારે સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૭૨ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૪૫૮૫ રહી હતી. એપ્રિલ મહિના માટેના ઈન્ડસ્ટ્રીય પ્રોડક્શન ડેટા બુધવારના દિવસે જારી કરાશે. આ ઉપરાંત ભારતના રિટેલ અને હોલસેલ ફુગાવાના આંકડા પણ બુધવાર અને શુક્રવારના દિવસે ક્રમશઃરીતે જારી કરવામાં આવનાર છે. જેની અસર પણ બજાર પર સીધીરીતે જોવા મળશે. રિટેલ ફુગાવાના આંકડા મે મહિના માટેના બુધવારના દિવસે જારી કરાશે જ્યારે હોલસેલ ફુગાવા માટેના આંકડા શુક્રવારના દિવસે જારી કરાશે. આરબીઆઈએ તેની છેલ્લી પોલિસી બેઠકમાં રિટેલ ફુગાવાની આગાહી વધારીને ૩-૩.૧ ટકા કરી દીધી હતી. નાણાંકીય વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં ફુગાવાનો આંકડો વધારી દેવામાં આવ્યો હતો. આરબીઆઈના અંદાજને ધ્યાનમાં લેવામાં આવે તો જો આગામી ફુગાવાના ડેટા સારા રહેશે અને વધુ એક વખત વ્યાજદરમાં ઘટાડો થવા માટે ચિત્ર રજૂ થઈ શકે છે. આવી જ રીતે ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શનના ડેટા બુધવારના દિવસે જારી કરાશે. માર્ચ મહિના માટેના ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં ૦.૧ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. મેન્યુફેક્ચરિંગ, કેપિટલ ગુડ્ઝ, કન્ઝ્યુમર ડ્યુરેબલમાં મંદીના લીધે અસર થઈ હતી. આજે કારોબાર દરમિયાન જમ્મુ કાશ્મીર બેંકના શેરમાં ૨૦ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. જેટ એરવેઝના શેરમાં આઠ ટકાનો ઘટાડો થયો હતો. અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપના શેરમાં ભારે દબાણની સ્થિતી રહી હતી. કંપનીનો નુકસાનનો આંકડો ૩૫૫૯ કરોડ સુધી પહોંચી ગયો છે.

મોનસુનની એન્ટ્રીમાં વિલંબ થતાં તેની સીધી અસર દેશ ઉપર પડશે

# જૂનના પ્રથમ નવ દિવસમાં ૪૫ ટકા સુધી થયેલો ઓછો વરસાદ

### કેરળમાં મોનસુન એક સપ્તાહ મોડેથી પહોંચી ગયા બાદ દેશના અન્ય ભાગોમાં પણ મોનસુન મોડેથી પહોંચે તેવી સંભાવના : ખેડુત અને કેન્દ્ર સરકાર ચિંતાતુર

એજન્સી દ્વારા નવી દિલ્હી, તા. ૧૦

ભારતીય હવામાન વિભાગે સાફ શબ્દોમાં કહ્યુ છે કે મોનસુનમાં વિલંબના કારણે જુનના પ્રથમ નવ દિવસના ગાળામાં જ વરસાદમાં ૪૫ ટકા સુધીનો નોંધપાત્ર ઘટાડો થઇ ગયો છે. જે તમામ માટે ચિંતા ઉપજાવે તેવા આંકડા છે. મોનસુનની એન્ટ્રી આ વખતે નિર્ધારિત તારીખ કરતા એક સપ્તાહ બાદ થઇ છે. કેરળમાં મોનસુનની એન્ટ્રી આ વખતે એક સપ્તાહના વિલંબ બાદ થઇ છે. જેથી દેશના અન્ય ભાગોમાં પણ મોનસુન મોડેથી પહોંચે તેવી શક્યતા છે. આના કારણે દેશના જુદા જુદા રાજ્યોમાં કૃષિ સમુદાય સાથે જોડાયેલા ખેડુતો અને સંબંધિત વિભાગના અધિકારીઓમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે દેશમાં ૩૨.૪ મિલિમીટરના સામાન્ય વરસાદની સામે માત્ર ૧૭.૭ મિલીમીટર વરસાદ થયો છે. જેના કારણે વરસાદમાં ઘટાડો આશરે ૪૫ ટકાની આસપાસ રહ્યો છે. જુનમાં વરસાદમાં કમી મોનુસનની સુસ્ત ગતિ અને કમજોર અલ નીનાના કારણે હજુ વધી શકે છે. અલ નીનો પ્રશાંત મહાસાગરના પાણીના ગરમ થવા સાથે સંબંધિત ઘટનાક્રમ છે. ભારતીય હવામાન વિભાગના આંકડા દર્શાવે છે કે દક્ષિણ પૂર્વ અરબ સાગર અને તેની સાથે જોડાયેલા પૂર્વ મધ્ય અરબ સાગર સાથે જોડાયેલા ક્ષેત્રમાં આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદ થઇ શકે છે. હવામાન વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, મંગળવાર સુધી દક્ષિણ અરબસાગર, લક્ષ્યદ્વીપ અને કેરળ, તમિળનાડુના વિસ્તારો, બંગાળના અખાત, દક્ષિણ પશ્ચિમ, દક્ષિણ પૂર્વ, પૂર્વ મધ્ય અને ઉત્તરપૂર્વના વિસ્તારોમાં મોનસુનની એન્ટ્રી થઇ જશે. પવનની ગતિ ૬૦ કિલોમીટર પ્રતિકલાકની જોવા મળી રહી છે જેથી માછીમારો માટે પણ કેટલીક સુચના જારી કરવામાં આવી ચુકી છે. કેરળમાં મોનસુનની એન્ટ્રી પહેલા મોનસુનને લઇને લોકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. દેશના મોટાભાગના વિસ્તારો સિંચાઈ માટે વરસાદ ઉપર આધારિત છે. પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં મોટાભાગના જળાશયોમાં પાણીનું સ્તર ખુબ નીચે પહોંચી ગયું છે. સિંચાઈના વૈકલ્પિક સાધન નહીં હોવાના કારણે મોટાભાગના ગ્રામિણ વિસ્તારોમાં ચાર મહિના સુધી ચાલનાર મોનસુન સિઝન ઉપર આધારિત રહે છે. ગ્રામિણ વિસ્તારોમાં વરસાદને લઇને ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવે છે. મોનસુન સિઝનમાં વાર્ષિક વરસાદ ૭૫ ટકાની આસપાસ રહે છે. મોનસુનની એન્ટ્રીથી લોકોને ટૂંકમાં ગરમીથી રાહત મળશે. હવામાનના કહેવા મુજબ દિલ્હીમાં મોનસુન સામાન્યરીતે ૨૯મી જૂનની આસપાસ પહોંચે છે. હવામાન વિભાગે આજે કહ્યું હતું કે, દિલ્હીમાં ત્રણ દિવસનો વિલંબ થઇ શકે છે.દિલ્હીમાં સામાન્ય મોનસુન રહેવાની શક્યતા દેખાઈ રહી છે. ઉત્તર પશ્ચિમ ભારતમાં પણ સામાન્ય મોનસુનની શક્યતા છે. આ વર્ષ માટે ૯૬ ટકા લોંગ પિરિયડ એરવેજ વરસાદની આગાહી થઇ છે જે સામાન્ય કરતા ઓછો વરસાદ છે. ૧૯૫૧થી લઇને ૨૦૦૦ સુધી મોનસુન સિઝનમાં કુલ સરેરાશ વરસાદ ૮૯ સેન્ટીમીટર નોંધાયો છે. દેશના ચાર હવામાન ડિવિઝનમાં સૌથી વધારે ૬૬ ટકાનો અભાવ મધ્યભારતમાં રહ્યો છે જેમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગુજરાત, ગોવા, ઓરિસ્સા અને છત્તીસગઢ જેવા રાજ્યો આવે છે. આમા કહેવમાં આવ્યું છે કે, મધ્ય ભારતમાં ગુજરાતમાં કચ્છ અને સૌરાષ્ટ્રના પેટાવિભાગોમાં ૧૦૦ ટકા સુધીનો ઓછો વરસાદ નોંધાયો છે. મહારાષ્ટ્રમાં ખાસ કરીને વિદર્ભમાં હાલત કફોડી બની છે. વિદર્ભ અને મરાઠવાડામાં વરસાદની અછત ક્રમશઃ ૭૦ ટકા અને ૫૦ ટકા છે. આ ક્ષેત્રોના જળાશયોમાં પાણી પણ નિચલા સ્તરે પહોંચી ગયું છે. હવામાન વિભાગનું કહેવું છે કે, પૂર્વ અને ઉત્તર પૂર્વ ભારતના ડિવિઝનમાં મોનસુનમાં કમીનો આંકડો ૪૯ ટકા સુધીનો છે જેમાં ઝારખંડ, બિહાર, પશ્ચિમ બંગાળ અને તમામ પૂર્વોત્તર રાજ્યો આવે છે. દક્ષિણ પ્રાયોદ્વિપમાં સૌથી ઓછો વરસાદ રહ્યો છે.

**વરસાદની સ્થિતિ.......**

હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે, જુન-જુલાઈ દરમિયાન વરસાદ નબળો રહેવાની શક્યતા છે. જૂનમાં પહેલીથી નવમી જૂન સુધી સ્થિતિ શું રહી તે નીચે મુજબ છે.

| ક્ષેત્રે | હાલમાં વરસાદ (મીમી) | ઓછો વરસાદ (ટકા) |
|---|---|---|
| પૂર્વ-ઉત્તરપૂર્વ | ૪૧.૮ | ૪૯ |
| પૂર્વ-પશ્ચિમ ભારત | ૮.૫ | ૩૨ |
| મધ્ય ભારત | ૮ | ૬૬ |
| દક્ષિણ પેનેસવેલા | ૨૯.૩ | ૨૫ |
| દેશમાં | ૧૭.૭ | ૪૫ |



*સાવન કૃપાલ રુહાની મિશન (મણીનગર, અમદાવાદ) ખાતે પેરેંટ્સ કાઉન્સેલિંગ સેશન નુ આયોજન રાખવામા આવ્યુ હતુ. સેશન મા બાળકો અને તેમના પેરેંટ્સ ને મેડિટેશન (ધ્યાન) ના ફાયદા જેમકે ધ્યાન બાળકોની એકાગ્રતામાં સુધારો કરે છે, બાળકોએ પરીક્ષામાં સારા પરિણામો મેળવવા માટે ધ્યાન કરવૂ જોઈએ માટે શિખામણ આપવામા આવી હતી. સાથે પેરેંટ્સ ને બાળકોને હકારાત્મક રીતે માર્ગદર્શન આપો, તેમના પર ગુસ્સે થવાનુ ટાળો જેવી શિખામણ આપવામા આવી હતી. આ એક નિશુલ્ક સેશન હતુ જે સંત રાજિન્દર સિંહજી મહારાજ ના પ્રેમ અને દયા થી રાખવામા આવ્યુ હતુ*

તાપમાનમાં આંશિક ઘટાડો છતાં ગરમી યથાવત

# અમદાવાદ, ડિસા સહિતના ઘણા ભાગમાં પારો ગગડ્યો

### અમદાવાદ ખાતે મહત્તમ તાપમાન ૪૩.૩ રહ્યો : હાલમાં નજર ગુજરાત પર તોળાઈ રહેલા વાવાઝોડા ઉપર કેન્દ્રિત

એજન્સી દ્વારા અમદાવાદ,તા.૧૦

અમદાવાદ, ડિસા, ગાંધીનગર સહિતના અનેક વિસ્તારોમાં ગરમીના પ્રમાણમાં આંશિકરીતે ઘટાડો થયો છે. આંશિક વાદળછાયુ વાતાવરણ રહેવાના કારણે લોકોને કાળઝાળ ગરમીથી આંશિક રાહત મળી છે. જો કે, બપોરના ગાળામાં લોકો ગરમીથી પરેશાન રહ્યા હતા. મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો થયો છે. અમદાવાદમાં પારો ગગડીને ૪૩.૩, ડિસામાં ૪૨.૬, ગાંધીનગરમાં ૪૩.૨ થયો હતો. જો કે, સુરેન્દ્રનગરમાં હજુ પણ મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી અકબંધ રહ્યો છે. હવામાન વિભાગના કહેવા મુજબ હિટવેવની સ્થિતિ સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારો ખાસ કરીને સુરેન્દ્રનગરમાં પ્રવર્તી રહી છે. બીજી બાજુ ડિપડિપ્રેશનની સ્થિતિના પરિણામ સ્વરુપે સૌરાષ્ટ્ર કચ્છના જુદા જુદા ભાગોમાં તથા દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થઇ શકે છે જેમાં ભાવનગર, અમરેલી, ગીરસોમનાથ, જૂનાગઢ, પોરબંદર, દ્વારકા, મોરબી, રાજકોટ, બોટાદનો સમાવેશ થાય છે. તમામની નજર હાલમાં વાવાઝોડા ઉપર કેન્દ્રિત થઇ ગઇ છે અને તેના સંભવિત નુકસાનને ટાળવા વિવિધ પગલા લેવાઈ રહ્યા છે. અમદાવાદમાં આવતીકાલે પણ પારો ૪૩થી ઉપર રહી શકે છે. કોર્પોરેશન તરફથી કહેવામાં આવ્યું છે કે હાલમાં વાયરલ ઈન્ફેકશન અને ગરમીથી બચવા માટે લોકોએ કામ વગર બપોરના ગાળામાં ઘરથી બહાર નીકળવું જોઈએ નહીં. સાથે સાથે સાથે વધુ પ્રમાણમાં પાણી, છાશ અને પ્રવાહીનું સેવન કરવું જોઈએ. હળવા રંગના સુતરાઉ કપડા પહેરવા અને તડકામાં ફરવાનું ટાળવું જોઈએ. બિનજરૂરીરીતે કામ વગર બહાર ન નિકળવા માટે પણ કહેવામાં આવ્યું છે. બાળકો અને મોટી વયના લોકોને વિશેષ સાવચેતી રાખવા માટે કહેવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર અને ખાસ કરીને રાજકોટ, અમરેલી અને સુરેન્દ્રનગરમાં જોરદાર ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. આના કારણે નવજાત શિશુ અને મોટી વયના લોકોને અસર થઇ શકે છે. સાથે સાથે ક્રોનિક રોગ ધરાવતા લોકો માટે પણ ભીષણ ગરમી અને લૂની સ્થિતિ પરેશાની વધારી શકે છે. વધતી જતી ગરમી વચ્ચે શ્વાસની તકલીફ, બેભાન થઇ જવાના બનાવોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઇ રહ્યો છે. અમદાવાદમાં પણ એલર્ટની જાહેરાત યથાવત રાખવામાં આવી છે. ચેતવણીના પરિણામ સ્વરૂપે લોકો બપોરના ગાળાના બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. લુ લાગવાના બનાવ પણ વધી રહ્યા છે. આજે લોકો સાવચેતીના પગલારુપે બપોરના ગાળામાં બહાર નિકળ્યા ન હતા જેથી બપોરના ગાળામાં રસ્તાઓ સુમસામ બની ગયા હતા. બપોરના ગાળામાં લોકોની હાલત સૌથી વધારે કફોડી બની છે. ખાસ કરીને ટ્રાફિક સિગ્નલો ઉપર બપોરના ગાળામાં રોકાવવાના લીધે પણ કેટલાક લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મોટી વયના લોકોને સૌથી વધુ અસર આની અનુભવાઈ છે.

વાવાઝોડા સાથે ભારે વરસાદથી કાંઠાના વિસ્તારમાં નુકસાન થઈ શકે

# ગુજરાતમાં પ્રચંડ વાવાઝોડાનો ખતરો : તંત્ર સંપૂર્ણ સાબદુ થયું

### અરબી સમુદ્રમાં ડીપ્રેશન-સીસ્ટમને લઈ સૌરાષ્ટ્ર તરફ આગળ વધતો વરસાદ અને વાવાઝોડું : બંદરો પર ૧ નંબરના સિગ્નલ : નુકસાનને ટાળવાના પગલા

એજન્સી દ્વારા અમદાવાદ, તા.૧૦

ગુજરાત ઉપર પ્રચંડ વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે જેના પરિણામ સ્વરુપે તંત્ર સાબદુ બની ગયું છે. ૧૨ અને ૧૩મી જૂનના દિવસે જોરદાર વાવાઝોડા સાથે ભારે વરસાદ પડી શકે છે જેના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં નુકસાન થવાની સંભાવના પણ દેખાઈ રહી છે. દરેક બંદર ઉપર એક નંબરનું સિગ્નલ મુકી દેવામાં આવ્યું છે. સાથે સાથે માછીમારોને દરિયામાં ન જવાની સૂચના આપવામાં આવી છે. પૂર્વ મધ્ય અને નજીકના દક્ષિણ પૂર્વ અરેબિયન દરિયામાં ડિપ્રેશનની સ્થિતિ સર્જાઈ છે અને તે છેલ્લા છ કલાકમાં ૧૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપથી ઉત્તર અને ઉત્તર પશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યું છે. ડિપડિપ્રેશનની સ્થિતિ વધુ તીવ્ર બની છે અને વાવાઝોડામાં ફેરવાઈ જવાથી ખતરો તોળાઈ રહ્યો છે. આગામી ૨૪ કલાકમાં ચક્રવાતી વાવાઝોડુ વધુ તીવ્ર બનશે. બેઠકોના દોર ચાલી રહ્યા છે. ચાર ઈંચ સુધીનો વરસાદ થઈ શકે છે. સાથે સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં નુકસાન પણ થઈ શકે છે. દરિયામાં ઉંચા મોજા પણ ઉછળી શકે છે. રાજયના સૌરાષ્ટ્ર અને કચ્છમાં તા.૧૨ અને ૧૩ જૂનના રોજ જોરદાર વાવાઝોડા સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. અરબી સમુદ્રમાં સર્જાયેલી સીસ્ટમના કારણે ૧૦૦ કિમીની ઝડપે પવન ફુંકાવાની સંભાવના છે. ભારે વાવાઝોડા સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહીને લઇ રાજય સરકાર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના અને તંત્રના અધિકારીઓએ આજે એક મહત્વની બેઠક યોજી હતી અને અરબી સમુદ્રમાં સર્જાયેલી સીસ્ટમ આગામી છ કલાકમાં ભારે સિસ્ટમમાં પરિવર્તિત થઈ રહી છે. હાલ આ સિસ્ટમ વેરાવળથી ૯૩૦ કિમી દુર છે. થોડા કલાકો બાદ આ સીસ્ટમ સાયકલોનમાં પરિવર્તિત થઈ જશે. રાજયના



તમામ પોર્ટ પર એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. જામનગર, પોરબંદર. ઉના, જાફરાબાદ, વેરાવળ સહિતના બંદરો પર એક નંબરનું સિગ્નલ લગાડવામાં આવ્યું છે. આ ઉપરાંત માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી દેવામાં આવી છે. રાજયમાં જોરદાર વાવાઝોડા સાથે ભારેથી અતિ ભારે વરસાદની આગાહીને લઇ સંભવિત સ્થાનો પર એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો તૈનાત કરી દેવાની તજવીજ હાથ ધરાઇ છે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે, બે દિવસ બાદ તા.૧૨ જૂનથી રાજયમાં વરસાદની અસર શરૂ થશે. ૧૩ જૂનના રોજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ, જૂનાગઢ અને કચ્છ સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડશે. હવામાન વિભાગના અધિકારી જયંત સરકારે જણાવ્યું હતું કે અમે સતત રાજ્ય સરકાર સાથે સંપર્કમાં છીએ. રાજયમાં ભારે વાવાઝોડા સાથે અતિ ભારે વરસાદની શકયતા જોતાં સૌરાષ્ટ્રના દરેક બંદરો પર ફિશરીઝ વિભાગ દ્વારા એક નંબરનું સિગ્નલ આપી દેવામાં આવ્યું છે. તો સાથે સાથે માછીમારોને દરિયો ન ખેડવા સુચના આપી દેવામાં આવી છે. આગામી તા.૧૨થી ૧૫ જુન વચ્ચે દરિયાકાંઠાના વિસ્તારમાં ભારે પવન સાથે વરસાદ પડવાની સંભાવના છે. હવામાન વિભાગની આગાહીને પગલે સૌરાષ્ટ્રના બંદરો પર હોડીઓ લાંગરી દેવાની કાર્યવાહી હાથ ધરાઇ છે. જાફરાબાદ, ઉના, વેરાવળ, જામનગર, પોરબંદર, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ સહિતના બંદરો પર ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા એક નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. તેમજ માછીમારોને સાવચેત રહેવાની તાકીદ પણ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર, ગાર સોમનાથ, જૂનાગઢ અને કચ્છ સહિતના જિલ્લામાં વાવાઝોડા સાથે વરસાદ પડવાની સંભાવના છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં છેલ્લા કેટલાક દિવસથી ભારે ઉકળાટ જોવા મળી રહ્યો છે. ૪૨થી લઇ ૪૬ ડિગ્રી સુધીનો તાપમાનનો પારો લોકોને પરસેવે રેબઝેબ કરી રહ્યો છે. ત્યારે ૧૨ જુનથી ગરમીમાં રાહત થાય તેવા સમાચારને લઇ પ્રજાજનોમાં હવે ચોમાસાના આગમનને લઇ ભારે ખુશીની લાગણી પણ ફેલાયેલી જોવા મળી રહી છે.

પ્રોફેસર નિલેષ પંચાલને બરતરફ કરી દેવાયા

# જાતીય સતામણી કેસ : નિલેષ પંચાલ અપરાધી જાહેર કરાયા

### પાસ થવા મારી સાથે દીવ આવવું પડશે તેવું નિલેષ પંચાલે વિદ્યાર્થિનીને કહી બિભત્સ માંગ કરતા હોબાળો થયો હતો

એજન્સી દ્વારા અમદાવાદ,તા. ૧૦

રાજકોટમાં ૨૦૧૯ની શરૂઆતમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બાયોસાયન્સ ભવનમાં પીએચડી કરવા માટે એક વિદ્યાર્થિનીને પ્રોફેસર ગાઇડ નીલેશ પંચાલે બિભત્સ માંગ કરવાના ચકચારભર્યા પ્રકરણમાં યુનિવર્સિટીની સિન્ડીકેટ કમીટીએ તેનો રિપોર્ટ સત્તાધીશોને સુપ્રત કર્યો હતો. જેમાં પ્રો.નીલેશ પંચાલને દોષિત ઠરાવ્યા હોવાથી તેમને તાત્કાલિક અસરથી બરતરફ કરી દેવાયા હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આ ઘટનાક્રમને પગલે શિક્ષણ જગતમાં ભારે ચકચાર મચી ગઇ હતી. આ પ્રકરણમાં પ્રો.નીલેશ પંચાલને અગાઉ એક વખત તેને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યારપછી તેને ફરી ફરજ પર લઇ લેવાયા હતા. આ સમગ્ર પ્રકરણમાં તપાસ માટે ખાસ સિન્ડિકેટ કમિટીની રચના કરવામા આવી હતી. આજે કમિટીએ સમગ્ર કેસને લઇ રિપોર્ટ સોંપ્યો હતો. જેના પગલે પ્રોફસર નીલેશ પંચાલને દોષિત જાહેર કરાયા હતા અને આખરે તેમને બરતરફ કરવામા આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બાયો સાયન્સ ભવનના પ્રોફેસર નીલેશ પંચાલ પર વિદ્યાર્થિનીએ બીભત્સ માગણી અને ગેરવર્તણૂક કર્યાનો આક્ષેપ કર્યો હતો. જેને લઈને બંધ બારણે સિન્ડિકેટ બેઠક યોજાઈ હતી. પ્રોફેસર પંચાલ સામે એક પીએચડીની વિદ્યાર્થિનીએ આધાર પુરાવા સાથે ફરિયાદ કર્યા બાદ પ્રોફેસરને તાકીદની અસરથી ઘર ભેગો કરી દેવાયો હતો અને નિવૃત્ત જજ દિનેશ ત્રિવેદીના વડપણ હેઠળ કમિટીની રચના કરવામાં આવી હતી. અન્ય એક વિદ્યાર્થીનીની પણ પ્રોફેસરની કામૂક હરકતોના કારણે અભ્યાસ અધવચ્ચેથી છોડી ગયાની વિગતો સામે આવી હતી અને આ વિદ્યાર્થિનીને પણ બોલાવવામાં આવી હતી. વિદ્યાર્થીનીની પૂછપરછમાં એવું બહાર આવ્યું હતું કે, વિદ્યાર્થીનીએ અલગ-અલગ પ્લાન્ટના નમૂના લેવાના હતા. આ

# એએમટીએસના ડ્રાઈવરોની હડતાળનો ટુંકમાં જ અંત થશે

એએમટીએસ બસની ૬૮ બસો માર્ગો પર શરૂ

### એકાદ-બે દિવસમાં હડતાળ સમેટાઇ જવાના સાફ એંધાણ હડતાળને સમેટવા અમ્યુકો સત્તાધીશો અને તંત્રના પ્રયાસો

એજન્સી દ્વારા અમદાવાદ,તા. ૧૦

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ(એએમટીએસ)ની કોન્ટ્રાક્ટ કંપનીના ડ્રાઈવરોની હડતાળના આજે ૪થા દિવસે આખરે આંશિક સમાધાન થયું હતુ. જેને પગલે છેલ્લા ત્રણ દિવસથી શહેરના માર્ગો પર દોડતી બંધ કરાયેલી એએમટીએસની ૧૦૦થી વધુ બસો પૈકીની ૬૮ બસો આજે ફરી માર્ગો પર દોડતી કરાઇ હતી. હવે એકાદ-બે દિવસમાં ડ્રાઈવરોની આ હડતાળ સમેટાઇ જવાની શકયતા છે. આ માટે અમ્યુકો સત્તાધીશો અને તંત્રના પ્રયાસો જારી છે. એએમટીએસ ડ્રાઈવરોની હડતાળમાં આંશિક સમાધાન થતાં અને ૬૮ બસો માર્ગો પર ફરી દોડતી થતાં શહેરીજનો ખાસ કરીને લાલદરવાજા, સારંગપુર સહિતના રૂટના મુસાફરોને મોટી રાહત મળી હતી. પગાર વધારો અને અન્ય પડતર માંગોને લઈ ચાર્ટર્ડ સ્પિડ લિમિટેડ કંપનીના ૨૦૦થી વધુ ડ્રાઈવર કર્મચારીઓ છેલ્લા ત્રણ દિવસથી હડતાળ પર ઉતર્યા હતા. આજે ૪થા દિવસે હડતાળમાં બંને પક્ષે આંશિક સમાધાન થયું હતુ અને તેના ભાગરૂપે ૬૮ બસો ચાલુ કરવાનો નિર્ણય લેવાયો હતો. એએમટીએસ બસના ડ્રાઈવરોની હડતાળના કારણે શહેરમાં બસ સેવા પ્રભાવિત થઇ હતી. આ હડતાળથી એએમટીએસની ૧૦૦થી વધુ બસો માર્ગો પર ઓછી દોડતા ખાસ કરીને મહિલા, બાળકો અને વૃધ્ધો સહિતના મુસાફરો ભારે હાલાકીનો ભોગ બન્યા હતા. બીજીબાજુ, ચાર્ટર્ડ સ્પિડ લિમિટેડ કંપનીના ડ્રાઈવરોની હડતાળને લઈ અમ્યુકો સત્તાધીશોએ પણ ગંભીર નોંધ લઈ આકરૂં વલણ અપનાવ્યું હતુ અને કોન્ટ્રાક્ટ કંપનીને શો-કોઝ નોટિસ ફટકારી તેની પાસેથી ખુલાસો માંગ્યો હતો. એટલું જ નહી, અમ્યુકોએ કોન્ટ્રાક્ટ કંપનીને બે લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ચાર્ટર્ડ સ્પિડ કંપનીનો એએમટીએસ સાથે કોન્ટ્રાક્ટ છે. કોન્ટ્રાક્ટર ચાર્ટર્ડ સ્પીડને અમ્યુકો દ્વારા નોટિસ આપવામાં આવી છે. આજે ૪થા દિવસે ડ્રાઈવરોની હડતાળમાં આંશિક સમાધાન થતાં ઠપ્પ કરાયેલી ૧૦૦ બસો પૈકીની ૬૮ બસોને માર્ગો પર ફરી દોડતી કરાઇ હતી. બીજીબાજુ, અમ્યુકો સત્તાધીશોએ હડતાળ એકાદ બે દિવસમાં સમેટાઇ જાય તેવા સંકેત આપ્યા હતા.

# વડોદરાઃ શહેરમાં ૧,૮૨૦ કેન્દ્રો પર વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે

**પ્રતીનિધિ દ્વારા વડોદરા**

સયુંક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં કરવાની છે ત્યારે વડોદરામાં જિલ્લામાં યોગ દિવસની ઉજવણી માટે તંત્ર દ્વારા તડામાર તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ માટે માટે વિરાટ અને વિસ્તૃત આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે.

શહેરના સમા સ્પોર્ટસ કોમ્પલેક્ષ સહિત પાંચ સ્થળોએ વિશાળ આયોજન કરવામાં આવ્યું છે.આ અંગે જિલ્લાં કલેક્ટર શાલિની અગ્રવાલના અધ્યક્ષ સ્થાને એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં તેઓએ વિદ્યાર્થી સિવાય લોકો પણ યોગ દિવસની ઉજવણીમાં જોડાવા ઉપર ભાર મૂક્યો હતો. તેમજ સોશિયલ મીડિયા ઉપર વિશ્વ યોગ દિવસની પ્રચારની ઝૂંબેશ ચલાવવાની અને તેના થકી વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં લોકો જોડાય તેવા જરૂરી સૂચનો અધિકારીશ્રીઓને આપ્યા હતા.જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલે જિલ્લાભરના અધિકારીઓ પાસેથી કાર્યક્રમના આયોજન અને સ્થળ પસંદગી અંગીની માહિતી મેળવી હતી. સ્વૈચ્છિક સંસ્થા જેવી કે, સ્વામી વિવેકાનંદ યુવક મંડળ, નહેરૂ યુવા કેન્દ્ર, બહ્માકુમારી, પંતજલિ યોગ સમિતી મહિતીની સંસ્થાઓના પ્રતિનિધીઓ સાથે યોગ દિવસના કાર્યક્રમના આયોજન અંગેની ચર્ચા કરી જરૂરી સૂચનો આપ્યા હતા.જિલ્લાભરમાં યોગના ૧૮૨૦ સ્થળો પર કાર્યક્રમ યોજાવાના છે. તેમાં જિલ્લા કક્ષાના શહેરમાં સમા સ્પોર્ટસ કોમ્પલેક્ષ, માંજલપુર સ્પોર્ટસ કોલ્પલેક્ષ, કમાટી બાગ, એમ.એસ. યુનિવર્સિટી પેવેલીયન અને અકોટા કોમ્પલેક્ષ ખાતે યોજાશે. આ ઉપરાંત મહાનગરપાલિકા કક્ષાના ૧૨, નગરપાલિકા કક્ષાના ૮, તાલુકા કક્ષાના ૧૬, શૈક્ષણિક સંસ્થા દ્વારા ૧૭૨૧ અને સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ૨૮ અને અન્ય ૩૦ જેટલા કાર્યક્રમો યોજાશે. આમ વિરાટ અને વિસ્તૃત આયોજન વિશ્વ યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.જિલ્લા અને તાલુકા કક્ષાના કાર્યક્રમમાં દિવ્યાંગ વ્યક્તિઓ અને રાજ્યમાં આવેલી જેલોમાં પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાવામાં આવે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત જિલ્લમાં આવેલ મોટા ઔદ્યોગિક ગૃહો અને જી.આઈ.ડી.સી. એસ્ટેટમાં પણ કાર્યક્રમ યોજાય તેવું આયોજન કરવામાં આવ્યું છે.

# ગરીબોને સસ્તાદરે દવા મળે તે દવા ઉદ્યોગનો સંકલ્પ હોવો જોઈએ: વિજય રૂપાણી

### મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં ઈન્ટરનેશનલ ફાર્માસ્યુટીકલ એન્ડ હેલ્થકેર એકઝીબિશનનો પ્રારંભ કરાવ્યો

**એજન્સી દ્વારા ગાંધીનગર**

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ દવા ઉત્પાદકોને આવનારા બે દાયકાના ભાવિને ધ્યાને રાખી લોકોને વાજબી ભાવે દવા અને આરોગ્ય રક્ષા પ્રદાન કરવા આહવાન કર્યુ છે. નવી નવી થતી જતી બિમારી-રોગ સામેના રક્ષણાત્મક ઉપચાર ઉપાય તરીકે સસ્તી અને સચોટ દવા પૂરી પાડવાનું જનસેવા દાયિત્વ દવા ઊદ્યોગે નિભાવવાનું છે.મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં ઈન્ટરનેશનલ ફાર્માસ્યુટીકલ એન્ડ હેલ્થકેર એકઝીબિશનનો પ્રારંભ કરાવ્યો હતો. આ એકઝીબિશનમાં ૧૨૦ દેશો, ૩૭૦ એકઝીબિટર્સ અને ૭૦૦થી વધુ દેશ-વિદેશના વ્યવસાયકારો ભાગ લેવાના છે. ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સના સહયોગથી ફાર્માસ્યુટીકલ એકસપોર્ટ પ્રમોશન કાઉન્સીલ દ્વારા તા. ૧૦ થી ૧૨ જૂન-૨૦૧૬ દરમ્યાન આ પ્રદર્શન યોજવામાં આવ્યું છે.મુખ્યમંત્રીએ ફાર્માસ્યુટીકલ – દવા ઊદ્યોગ ક્ષેત્રને માત્ર વ્યવસાય તરીકે ન જોતાં જનસેવા માટે ઈશ્વરે આપેલી તક તરીકે લેવાનો સૌને અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, સામાન્ય માનવીને ગંભીર કે અન્ય બિમારીઓમાં સસ્તા દરે સરળતાથી દવાઓ મળી રહે તે આપણો સંકલ્પ હોવો જોઈએ. રાજ્યનો દવા ઉત્પાદન- હિસ્સો દેશના ઉત્પાદનના ૩૦ ટકા છે તે વધારીને ૪૫ ટકાએ પહોચાડવાનું સરકારનું આયોજન છે.તેમણે ગુજરાતમાં કેન્દ્ર સરકારના સહયોગથી મેડીકલ ડીવાઇસીસ પાર્ક શરૂ કરવાની દિશામાં પણ સરકાર પ્રતિબધ્ધ છે તેમ જણાવ્યું હતું. ગુજરાતમાં નાયપર, પર્ડ સેન્ટર જેવી સંસ્થાઓ ફાર્મા કંપનીઓએ કુશળ મેનપાવર પ્રદાન કરી રહી છે તેનો પણ મુખ્યમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો.વિજય રૂપાણીએ દવા ઊદ્યોગ સહિતના ઊદ્યોગ-વેપારના સર્વગ્રાહી ક્ષેત્રે ગુજરાતે વિકાસની દશે દિશાએ હરણફાળ ભરી છે. તેનો નિર્દેશ આપતાં એમ પણ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈએ ગુજરાતનો જે વિકાસ રાહ કંડાર્યો છે. તેને આપણે આગળ ધપાવી રહ્યા છીએ. મુખ્યમંત્રીએ ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટની સફળતાને પગલે ફાર્માસ્યુટીકલ ક્ષેત્રે ૧૦ હજાર કરોડના એમઓયુ કરવામાં આવ્યા છે અને તેના પરિણામે વ્યાપક રોજગાર અવસર મળશે. તેમ ઉમેર્યુ હતું.આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ પી. કે. પરમારે પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું કે, બે દશકાથી દેશમાં થતી દવાઓના કુલ ઉત્પાદનનું ત્રીજા ભાગથી વધુનું ઉત્પાદન ગુજરાત કરે છે.રાજ્યમાં ૩૫૦૦થી વધુ દવાઓ ઉત્પાદન એકમો છે અને ૬૦૦ ઉપરાંત તો વિશ્વ આરોગ્ય સંસ્થા માન્યતા પ્રાપ્ત છે. ગુજરાતે દેશમાં પ્રથમ ૧૯૦૭માં એલેમ્બીક ફાર્મા સ્થાપીને દવા ઊદ્યોગના ભારતમાં શ્રીગણેશ કર્યા હતા તેમ તેમણે ગૌરવ સહ જણાવ્યું હતું.રાજ્યનો દવાઓની નિકાસનો ગ્રોથ ગયા વર્ષે ડબલ ડિઝીટ ૧૧ ટકાને પાર કરી ગયો છે તેમજ ફાર્મા સેકટર અંદાજે ૧ લાખ લોકોને રોજગારી પૂરી પાડે છે તેમ તેમણે ઉમેર્યુ હતું.

## અમદાવાદ : ગાયકે ગળે ફાંસો ખાઈ કર્યો આપઘાત

**એજન્સી દ્વારા અમદાવાદ**

અમદાવાદનાં ખોખરા વિસ્તારમાં રહેતા ૪૧ વર્ષનાં સિંગર ફ્રેક્લીન ક્રિશ્ચિયને પોતાના ઘરે જ ગળેફાંસો ખાઇને આત્મહત્યા કરી લીધી છે. આ સમાચારને કારણે પરિવાર અને કલાકારોમાં શોકની લાગણી છવાઇ ગઇ છે. બનાવની જાણ થતાં ખોખરા પોલીસ ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે.આ મામલે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે ખોખરા વિસ્તારમાં રહેતા અને દેશવિદેશમાં વિવિધ કાર્યક્રમોનું સંચાલન કરી ચુકેલા સિંગરે આપઘાત કર્યો છે. હાલ તેમણે કયા કારણોસર આપઘાત કર્યો છે તે સામે આવ્યું નથી. ફ્રેક્લીન સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પર્ફોર્મ પણ કરતા હતાં અને તેનું આયોજન પણ કરતા હતાં.હાલ ખોખરા પોલીસે આ મામલામાં ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. પોલીસ ઘરની તપાસ કરી રહી છે અને પરિવાર તથા આસપાસનાં લોકોની પૂછપરછ કરી રહી છે.